dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 10 | AD - 2025, Aso Vad-04 | Friday, Dt.10-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


# ભારતમાં ૯ બ્રિટીશ યુનિવર્સિટી ખોલવાની બ્રિટનની જાહેરાત

મુંબઈ,તા.૦૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે બંને દેશો વચ્ચેના શૈક્ષણિક સંબંધોને વધુ ગાઢ બનાવતાં ઐતિહાસિક પગલું લીધુ છે. બંને દેશના વડાએ તા.૦૯ના રોજ મુંબઈમાં બેઠક યોજી જાહેરાત કરી છે કે, યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન સહિત નવ અગ્રણી બ્રિટિશ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ ખોલશે. યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટનનું ગુરુગ્રામ ખાતે પ્રથમ કેમ્પસનું ઉદ્‌ઘાટન થઈ ચૂક્યું છે, જેમાં વિદ્યાર્થીઓએ એડમિશન



પણ લીધા છે. આ પહેલ ભારત-યુકે શૈક્ષણિક સહયોગમાં એક મહત્વપૂર્ણ પગલું છે અને ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત છે. તેનો ઉદ્દેશ ભારતીય વિદ્યાર્થીઓને દેશ છોડ્યા વિના વતનમાં જ વિશ્વસ્તરીય શિક્ષણની સુવિધા પૂરી પાડવાનો છે. તેમજ ઈનોવેશન અને કૌશલ્ય વિકાસને વેગ આપવા માટે સહયોગી રિસર્ચ અને શૈક્ષણિક-ઉદ્યોગ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. પીએમ મોદીની જુલાઈ, ૨૦૨૫ની યુકે મુલાકાત દરમિયાન અપનાવવામાં આવેલા ભારત-યુકે વિઝન ૨૦૩૫ રોડમેપથી ઉચ્ચ શિક્ષણમાં સહયોગ માટે નવા માર્ગો ખુલ્યા છે. ભારતમાં યુકે યુનિવર્સિટી કેમ્પસની સ્થાપનાથી ભારતીય વિદ્યાર્થીઓને વૈશ્વિક-સ્તરીય શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવશે. તેમજ ભારતીય તથા યુકે સંસ્થાઓ વચ્ચે સહયોગી સંશોધનને પ્રોત્સાહન મળશે. ભારત-યુકે સીઈઓ ફોરમમાં બોલતા, પીએમ મોદીએ કહ્યું કે પરમાણુ ઉર્જા ક્ષેત્ર હવે ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂકવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આનાથી ભારત-યુકે સહયોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાની તક મળશે. મોદીએ એમ પણ કહ્યું કે માળખાગત વિકાસ તેમના માટે પ્રાથમિકતા છે. ભારત આગામી પેઢીના ભૌતિક માળખાગત સુવિધાઓમાં રોકાણ કરી રહ્યું છે અને ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ અક્ષય ઉર્જાના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત અને યુકે સાથે મળીને વિશ્વ માટે નવા ધોરણો સ્થાપિત કરી શકે છે. મોદીએ કહ્યું કે ભારતના ફિનટેક (ડિજિટલ નાણાકીય સેવાઓ) ક્ષેત્રમાં દરેક વ્યક્તિએ સંભાવના જોઈ છે. આજે, વિશ્વના લગભગ ૫૦% રીઅલ-ટાઈમ ડિજિટલ વ્યવહારો ભારતમાં થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે બ્રિટનનો નાણાકીય સેવાઓનો અનુભવ અને ભારતનું ડિજિટલ પ્લેટફોર્મ એકસાથે સમગ્ર માનવતા માટે ફાયદાકારક બની શકે છે.







## દેશભરમાં એસઆઈઆર પ્રક્રિયા શરૂ કરવા ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કર્યું

નવીદિલ્હી,તા.૯


એસઆઈઆર પર સુપ્રીમ કોર્ટની સુનાવણી પહેલા, ચૂંટણી પંચે કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું છે. પંચે સુપ્રીમ કોર્ટમાં જવાબ દાખલ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે બિહાર પછી, દેશભરમાં એસઆઈઆર ટૂંક સમયમાં શરૂ થશે. ચૂંટણી પંચને દેશભરમાં એસઆઈઆર કરવાનો બંધારણીય અધિકાર છે. મતદાર યાદી ભૂલમુક્ત રહે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા સોગંદનામામાં, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે બિહારમાં હોય કે દેશના બાકીના ભાગમાં, આધાર કાર્ડ ફક્ત ઓળખનો પુરાવો છે. તે નાગરિકતાનું પ્રમાણપત્ર હોઈ શકે નહીં. ફક્ત દેશના નાગરિકોને જ મતદાન કરવાનો અધિકાર છે. મંગળવારે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા પછી તૈયાર કરાયેલી અંતિમ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા ૩.૬૬ લાખ મતદારોની વિગતો પૂરી પાડવા જણાવ્યું હતું. ચૂંટણી પંચે કોર્ટને જાણ કરી હતી કે ૩૦ ઓગસ્ટના રોજ ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશન પછી ઉમેરાયેલા મોટાભાગના નામો નવા મતદારો હતા અને યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા કોઈપણ મતદારે અત્યાર સુધી કોઈ ફરિયાદ કે અપીલ દાખલ કરી નથી.









# વિકાસ સપ્તાહનો વિકાસરથ લીલીયા તાલુકાના આંબા, લોકી ગામે પહોચ્યો

અમરેલી, તા.૦૯



વિકાસ સપ્તાહનો વિકાસરથ તા.૦૯ના રોજ લીલીયા તાલુકાના આંબા, લોકી સહિતના ગામો ખાતે આવી પહોંચ્યો હતો. ગ્રામજનોએ વિકાસરથનું દબદબાભેર સ્વાગત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, સરકારી યોજનાઓના લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યા છે. આ તકે ગ્રામજનોએ વિવિધ સરકારી યોજનાઓ વિષયક માહિતી પ્રાપ્ત કરી હતી. ગ્રામજનોએ સરકારના વિકાસ કાર્યોની સરાહના કરી હતી. વિકાસ સપ્તાહની ઉજવણીના કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, આગેવાનો સહિત ઉપસ્થિત ગ્રામજનોએ "ભારત વિકાસ પ્રતિજ્ઞા" લીધી હતી. રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા ગ્રામજનો સંકલ્પબદ્ધ બન્યા હતા.

# અમરેલી માર્કેટીંગ યાર્ડમાં ચેરમેન તરીકે ભાવિન સોજીત્રાની બિનહરીફ વરણી

**ભાવનગર જિલ્લા રજિસ્ટ્રારની હાજરીમાં વરણી કરવામાં આવી**

અમરેલી,તા.૦૯



અમરેલી જિલ્લાના સૌથી મોટા અમરેલી APMCમાં નવા ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. અગાઉના ચેરમેન શૈલેષ સંઘાણીની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં આ ચૂંટણી યોજાઈ હતી.અમરેલી APMCના નવા ચેરમેન તરીકે ભાવિન સોજીત્રાની બિનહરીફ વરણી થઈ છે. ભાવિન સોજીત્રા તેલીબિયાં વિભાગમાંથી ડિરેક્ટર તરીકે ચૂંટાયા હતા. ભાવનગર જિલ્લા રજીસ્ટ્રારની હાજરીમાં ભાવિન સોજીત્રાની વરણી કરવામાં આવી હતી. તેઓ આગામી અઢી વર્ષ માટે APMCની કમાન સંભાળશે. તેમની બિનહરીફ વરણીને કારણે અમરેલી APMCના વહીવટને વધુ સરળ બનાવવામાં આવશે તેવો વિશ્વાસ નવનિયુક્ત ચેરમેન ભાવિન સોજીત્રાએ વ્યકત કર્યો હતો.

# બાબરાના ઉમિયાનગર ખાતે નવરાત્રિમાં ૫૦૦ દીકરીઓને લ્હાણી

અમરેલી,તા.૦૯



બાબરામાં ઉમિયાનગર ખાતે નવરાત્રિના પર્વ પર ૫૦૦ દીકરીઓને લ્હાણી વિતરણ કરવામાં આવી હતી. ગરબી આયોજકોને ખાદી મિત્ર મંડળ દ્વારા લ્હાણી પહોંચાડવામાં આવી હતી. મહંત ઘનશ્યામદાસબાપુની ઉપસ્થિતીમાં બાબરા અને અમરાપરા વિસ્તારની પ્રાચીન શેરી ગરબીઓની ૫૦૦થી વધુ બાળાઓનું પૂજન અર્ચન અને મહાપ્રસાદ બાદ લ્હાણી અર્પણ કરવામાં આવી હતી.

# દામનગર પંથકના શાખપુર સહિતના ગામોમાં સતત વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન

**મગફળી, કપાસ અને તલ જેવા પાકોમાં ભારે નુકસાની; ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની સ્થિતિથી જગતનો તાત ચિંતામાં**

દામનગર,તા.૦૯



દામનગર પંથકના શાખપુર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ વર્ષે સતત વરસી રહેલા વરસાદને પગલે ખેડૂતોને ભારે નુકસાની થવા પામી છે. લાઠી તાલુકાના શાખપુર સહિતના ગામોમાં મેઘરાજા સતત વરસી રહ્યા હોવાથી ખેડૂતોના મગફળી, કપાસ અને તલ જેવા પાકોમાં ભારે નુકસાની થઈ રહી છે. મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની પૂરેપૂરી શક્યતા હોવાથી જગતનો તાત ચિંતામાં છે, અને સતત વરસાદના પગલે લીલા દુષ્કાળ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને શાખપુરના સરપંચ જશુભાઈ ખુમાણ દ્વારા રાજ્યના કૃષિ મંત્રી સમક્ષ વહેલી તકે આ વિસ્તારના ખેડૂતોનો સર્વે કરીને તેમને યોગ્ય સહાય ચૂકવવામાં આવે તેવી તાકીદની માંગણી કરવામાં આવી છે.

# લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૯એ યોજાશે

લાઠી,તા.૦૯

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૯ ઓક્ટોબરના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ ઓક્ટોબરના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલાના દેતડ ગામે ગ્રામજનોએ સ્વમહેનતથી રસ્તાની મરામત શરૂ કરી

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલા તાલુકાના છેવાડે આવેલા દેતડ ગામના ગ્રામજનો અને ખેડૂતો ૨૦ વર્ષથી તેમના ખેતરો અને નજીકના ભાક્ષી ભંડારીયા ગામને જોડતા એકમાત્ર રસ્તાની અત્યંત બેહાલ સ્થિતિને કારણે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ચોમાસાના ચાર મહિના દરમિયાન કાદવ-કીચડની સ્થિતિ એટલી ખરાબ થઈ જાય છે કે વાહનો ચલાવીને ખેતરોમાં પહોંચવું અશક્ય બને છે અને ખેડૂતોને માત્ર પગપાળા જવું પડે છે. આ રસ્તો ખેતીના માધ્યમથી જીવન નિર્વાહ કરતા ગ્રામવાસીઓ માટે રોજિંદા જીવનનો આધાર છે. છેલ્લા ૨૦ વર્ષમાં ગ્રામજનોએ વારંવાર સ્થાનિક તાલુકા કચેરીથી લઈને ગાંધીનગર સુધી લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે, તેમ છતાં રસ્તાની હાલતમાં કોઈ સુધારો થયો નથી. આખરે, કંટાળીને ગ્રામજનો અને ખેડૂતોએ સરકારી અવગણના સામે સ્વમહેનતથી રસ્તાના રિપેરીંગની કામગીરી શરૂ કરી દીધી છે. ગામના યુવાનો અને મહિલાઓ પણ પોતાના સાધનો અને મજૂરીથી આ રસ્તાને સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં મગફળીના ઓછા ભાવ મળતાં ખેડૂતોને નુકસાન

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલા કૃષિ ઉત્પાદન માર્કેટિંગ કમિટી (APMC) માં મગફળીની આવક દિન-પ્રતિદિન વધી રહી છે, જેમાં રોજની સરેરાશ ૫,૦૦૦ મણ જેટલી મગફળી જુદા જુદા ગામોમાંથી ખેડૂતો વેચવા માટે લાવે છે. જોકે, આ વધતી આવકની સામે ખેડૂતોને મળતા ભાવ રૂ.૬૦૦થી રૂ.૮૦૦ સુધીના છે, જેમાં ઉચ્ચ ગુણવત્તાની મગફળીને જ મહત્તમ રૂ.૧,૦૦૦નો ભાવ મળે છે. આ ભાવોને કારણે ખેડૂતો મોટું નુકસાન ભોગવી રહ્યા છે. APMCમાં મગફળી વેચવા આવેલા ખેડૂતોએ પોતાની વેદના વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, બિયારણ, દવા, મજૂરી અને અન્ય ખર્ચની ગણતરીએ રૂ.૬૦૦-૭૦૦ના ભાવે વેચાણથી તેઓ નુકસાનમાં જઈ રહ્યા છે. દિવાળીના તહેવારોને કારણે પૈસાની જરૂર હોવાથી મજબૂરીવશ તેઓ નીચા ભાવે વેચાણ કરી રહ્યા છે. ખેડૂતોએ વધુમાં જણાવ્યું કે, સતત પડતા વરસાદને કારણે મગફળીના પાકને નુકસાન થયું છે અને તેમાં ભેજ લાગી ગયો છે, જેના કારણે ભાવ વધુ ઘટ્યા છે, જ્યારે ટેકાના ભાવ પણ હજુ શરૂ થયા નથી. ખેડૂતોએ સરકારને વિનંતી કરી છે કે તાત્કાલિક પગલાં લેવામાં આવે અને ઓછામાં ઓછો રૂ.૧,૦૦૦થી વધુ પોષણક્ષમ ભાવ આપવામાં આવે. આ સાથે જ પ્રગતિશીલ ખેડૂતોએ ભાવની ચિંતામાંથી મુક્તિ માટે ભાવાંતર યોજના દાખલ કરવાની પણ માંગણી કરી છે. APMCના સેક્રેટરીએ જણાવ્યું કે વરસાદી માવઠાના કારણે પાકને નુકસાન થયું છે, જે ભાવ પર અસર કરી રહ્યું છે.

# સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિરમાં વ્યસન મુકિત કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૯



સરકારના નશાબંધી અને આબકારી વિભાગની સૂચના અનુસાર વ્યસન મુક્તિ જાગૃતિ અર્થે પ્રચાર પ્રસાર માટે તા. ૨ થી ૯ ઓકટોબર દરમિયાન વિવિધ સંસ્થાઓ અને જુદાજુદા સ્થળે, જુદાજુદા વ્યસન મુક્તિના કાર્યક્રમો યોજવામાં આવે છે. તે અંતર્ગત સાવરકુંડલાના શ્રી મહિલા અધ્યાપન મંદિરમાં અધિક્ષક બી.પી. જાડેજા દ્વારા 'વ્યસન મુક્તિ' કાર્યક્રમનું આયોજન તા. ૦૬-૧૦-૨૦૨૫ ના કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં વિદ્યાર્થિનીઓ દ્વારા વ્યસનથી થતા નુકસાન, વ્યસનના લીધે થતી બરબાદી અને તેને અટકાવવાના ઉપાયો વિષયક 'વક્તૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે 'ગરબા સ્પર્ધા' નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે કાર્યક્રમના કોર્ડીનેટર દવે અગ્નીબેન ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા મોટાની સરકારી કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી કરાઈ

લીલીયા,તા.૦૯



ભારતના સમૃદ્ધ વન્યજીવન અને જૈવવિવિધતાનાં સંરક્ષણ પ્રત્યે જનજાગૃતિ ફેલવવાના ઉદેશ્ય સાથે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨ ઓક્ટોમ્બરથી ૮ ઓક્ટોબર દરમિયાન વન વિભાગ દ્વરા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયા દ્વારા 'વન્ય જીવ સપ્તાહની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વન વિભાગના આર.એફ.ઓ બી.જી. ગલાણી અને ટીમ દ્વારા વિદ્યાર્થીઓને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવા તેમજ પ્રાણીઓનું સંરક્ષણ કરવા અંગેની માહિતીથી માહિતગાર કર્યા હતા. જેમાં ડૉ. મહેશકુમાર વાઘેલા, ડૉ. પ્રકાશ પી. પરમાર તેમજ કોલેજના સ્ટાફનો પણ યોગ્ય સહકાર મળ્યો હતો.









## સિંહણના મૃત્યુની તપાસ કરવા વન વિભાગે ૭ ટીમ બનાવી

# લીલીયા રેન્જમાં સિંહણનો મૃતદેહ મળતા અરેરાટી

અમરેલી,તા.૦૯

લીલીયા રેન્જના મોટા કણકોટ ગામના રેવન્યુ વિસ્તારમાંથી એક સિંહણનો મૃતદેહ મળી આવતા વન વિભાગમાં દોડધામ મચી ગઈ છે. માહિતી મળતા જ લીલીયા રેન્જ આરએફઓ સહિતની ટીમો તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. સિંહણના મૃતદેહનો કબજો લઈને તેને લીલીયાના ક્રાંકચ નજીક આવેલા એનિમલ કેર સેન્ટરમાં પોસ્ટમોર્ટમ



માટે મોકલાયો હતો. પીએમ બાદ તેના નમૂના એકત્ર કરીને વધુ પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે. સિંહણના મૃત્યુના કારણો જાણવા માટે વન વિભાગે સ્થળ પર તપાસ શરૂ કરી છે. આ અંગે આરએફઓ ગલાણીએ જણાવ્યું હતું કે સિંહણની ઉંમર ત્રણ વર્ષની છે અને મોત શંકાસ્પદ હોવાથી વન વિભાગ કાર્યવાહી કરી રહ્યું છે. સિંહણનું મોત કયા કારણોસર થયુ તે પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે. સ્થાનિક સરપંચ પ્રતિનિધિ સુરેશભાઈ રામાણીએ જણાવેલ કે આ સિંહણના બરડાના ભાગે પંચર જોવા મળેલ સુત્રો મુજબ પ્રારંભિક દ્રષ્ટિએ આ સિંહણનું મોત ઈલેકટ્રીક શોકના કારણે થયુ હોવાનું ગામલોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

### મૃત્યનું કારણ જાણવા વન વિભાગનું સર્ચ ઓપરેશન

કણકોટ ગામના રેવન્યુ વિસ્તારમાં સિંહણનો મૃતદેહ મળતા સિહપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. વન વિભાગની ટીમ સિંહણના મોતનું કારણ જાણવા માટે પડતર વિસ્તાર, વાડી વિસ્તાર અને સીમ વિસ્તાર ખુંદી રહી છે. તમામ વિસ્તારોમાં વન વિભાગનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ છે.

### વન વિભાગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

લીલીયા પંથકમાં વન્યપ્રાણીઓનો વસવાટ આવેલો છે. જેમાં કણકોટ ગામના રેવન્યુ વિસ્તારમાંથી સિંહણનો મૃતદેહ પડ્યો હોવાની વન વિભાગને જાણ થતા વન વિભાગ ઘટનાસ્થળે દોડી ગયો હતો. સિંહણના મૃતદેહનો કબજો લઈ સિંહણનું મોત કયાં કારણોસર થયું તેની તપાસ કરવા અમરેલી મદદનીશ વન સંરક્ષકના માર્ગદર્શન નીચે ૭ ટીમ બનાવવામાં આવી છે.

## જિલ્લા માહિતી કચેરીના કર્મીઓએ ભારત વિકાસની પ્રતિજ્ઞા લીધી

અમરેલી,તા.૦૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અવિરત માર્ગદર્શન હેઠળ ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. આ ૨૪ વર્ષ દરમિયાન ગુજરાતે અનેક સફળતાઓ અને સિદ્ધિઓ હાંસલ કરી છે. જેની વિકાસગાથા જનજનમાં ઉજાગર કરવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન ''વિકાસ સપ્તાહ'' ની ઉજવણીના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાં વિકાસ સપ્તાહ ૨૦૨૫ની ઉજવણી અન્વયે જિલ્લા માહિતી કચેરી ખાતે કર્મયોગીઓ દ્વારા ''ભારત વિકાસ પ્રતિજ્ઞા' લેવામાં આવી હતી. આ પ્રતિજ્ઞામાં કચેરીના તમામ કર્મયોગીઓ સહભાગી થઈ ભારતના જવાબદાર નાગરિક તરીકે 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્રને જીવનમંત્ર બનાવવા પ્રતિબદ્ધ બન્યા હતા.

## અમરેલીમાં 'શબ્દ સમિધ' અને બાલસાહિત્ય સંગોષ્ઠિ યોજાઈ

અમરેલી,તા.૦૯

અમરેલીમાં નાગલોક મિત્રમંડળ દ્વારા શ્રી સરસ્વતી વિદ્યામંદિર(SSVM) ખાતે મહિનાના પહેલા રવિવારે 'શબ્દ સમિધ'ની ૧૦મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળસાહિત્યને કેન્દ્રમાં રાખીને બાલગીતનાં સ્વરૂપ અને વિભાવના પર ડૉ. ભારતીબેન બોરડે ચર્ચા કરી હતી. અભિનય સાથે વિષય વૈવિધ્યના બાલગીતો



ગવડાવીને સૌને બાળપણની સફર કરાવી હતી. બીજા વક્તા અમરેલીના નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જી.એમ. સોલંકીએ વર્લ્ડ ક્લાસ બાલકથા 'તોતો ચાન'ને જીવંત બનાવી. સાચી બાળ કેળવણીને ગૂંથીને સુંદર વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન અભિષેક ઠાકરે કર્યું હતું. બેઠકમાં સાહિત્ય સર્જક પરિવારના ઉમેશભાઈ જોષી, ઉદયભાઈ દેસાઈ, પરેશભાઈ મહેતા, ડૉ. વિનોદભાઈ રાવલ, વેપારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ કવિ મુકેશ દવેએ કરી હતી. બેઠકને સફળ બનાવવા કવિ મુકેશ જોગી, કવિ પંકજ ચૌહાણ, કવિ ગોપાલ ધકાણ, કવિ ધર્મેશ ઉનાગર અને જિજ્ઞેશ પટેલે જહેમત ઉઠાવી હતી.

## ધારીના કબલાપરા આંગણવાડી વર્કર પોષણ વાનગી ઉત્સવમાં પ્રથમ



અમરેલી,તા.૦૯

ઝોન કક્ષાના પોષણ વાનગી ઉત્સવમાં અમરેલી જિલ્લાના ધારીના કબલાપરા આંગણવાડી કેન્દ્રના વર્કર ગાયત્રીબેન જાડેજાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. હવે તેઓ રાજ્યકક્ષાએ આયોજિત પોષણક્ષમ વાનગીઓની સ્પર્ધામાં ભાગ લેશે. આંગણવાડી કાર્યકર ગાયત્રીબેન જાડેજાને આ સિદ્ધિ માટે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ, ધારીના સીડીપીઓ આરતીબેન વણપરીયા સહિતના અધિકારી- કર્મચારીઓએ અભિનંદન પાઠવ્યા છે.

## લીલીયા અને ગુંદરણમાં પોષણ સંગમ જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો

લીલીયા, તા.૦૯

લીલીયા ઘટક અને ગુંદરણ ખાતે પોષણ સંગમ જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લીલીયા સેજાનાં લીલીયા કન્યા શાળા ખાતે પોષણ સંગમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરપંચ જીવનભાઈ વોરા, ભીખાભાઈ ધોરાજીયા, બી.આર.



સી.કોર્ડીનેટર પી.એમ. રાખસિયા શાળાના આચાર્ય, તમામ વાલીઓ હાજર રહ્યા હતા. ગુંદરણ ખાતે પોષણ સંગમ જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં ગામના સરપંચ, હરીપરના સરપંચ આયુષ ડોક્ટર નેહાબેન, ગામના આગ્રણીઓ તેમજ મુખ્ય સેવિકા હર્ષિતાબેન એન. રેણુકા હાજર રહેલ, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલાના વોર્ડ નંબર ૪, ૫, ૬ના લાભાર્થીઓ માટે પોષણ સંગમ જાગૃતિ દિવસની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૦૯

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૪, ૫ અને ૬ માં રહેતા લાભાર્થીઓ માટે પોષણ માસ અંતર્ગત જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં પાલિકાના સદસ્યો અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા. આ તકે સદસ્ય



કેશવભાઈ બગડા અને કો-ઓર્ડીનેટર વનીતાબેન દ્વારા લાભાર્થીઓને પોષણયુક્ત આહાર તેમજ સરકાર દ્વારા બાલ શક્તિ, માતૃશક્તિ, પૂર્ણ શક્તિનો લાભાર્થીઓ આહારમાં વધુ ઉપયોગ કરે તે બાબતે સમજ આપી હતી. કુપોષિતમાંથી અપગ્રેડ થયેલા બાળકો અને વાલીઓને ચિત્રપોથી, કલર, રૂમાલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર

10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર

13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


### અવસાન નોંધ

**ચલાલા**

સમીમબેન ઈસ્માઈલભાઈ તા.૦૮ને બુધવારના રોજ ચલાલા મુકામે વફાત થયેલ છે. તે ફીરોજભાઈ હુસેનભાઈ વાગાકના બૈરા, શબ્બીરભાઈ ચલાલા, નજમાબેન (દામનગર), તસ્નીમબેન (લીબડી) ના મા તથા સૈહદીનભાઈ જેતપુર, રશીદાબેન જૂનાગઢ, રૂક્શાનાબેન ભાવનગરવાળાના બહેન થાય છે. મરહુમાના જયારત સીયુક્ના સીયારા તા.૧૦ને શુક્રવારના રોજ બપોરે ૧૨ કલાકે ચલાલા મુકામે રાખેલ છે.


**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૭૧/૨૦૨૫

અરજદાર :- શ્રી ભાલીયા આણંદભાઈ મુળજીભાઈ
રહે. મોટા આંકડીયા, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદારશ્રી ભાલીયા આણંદભાઈ મુળજીભાઈએ તેઓની પોતાની જન્મ (તા.૦૨/૦૬/૧૯૫૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



શું તમને સાંભળવાની તકલીફ છે ?



- આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૬૬/૨૦૨૫

અરજદાર :- શ્રી સંજયભાઈ મનસુખભાઈ ખંખાળ
રહે. નાના ભંડારીયા, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના ભંડારીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ભંડારીયા ગામમાં સંજયભાઈ મનસુખભાઈ ખંખાળ તેઓના માતૃશ્રી શારદાબેન મનસુખભાઈ ખંખાળની મરણ (તા.૧૩/૦૨/૨૦૦૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



**એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં - ગારીયાધાર**

**-:જાહેર નોટીસઃ-**

બી. એન્ડ ડી. રજી. નં. ૧૩૧-૨૦૨૫

શ્રી લાંગડીયા રીનાબેન ભીખાભાઈ વા/ઓ લુખી પ્રવિણભાઈ
રહે.અંકતરીયા તા.ગારીયાધાર, જિ.ભાવનગર ....અપીલવાળા

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને ત.ક.મ.શ્રી,
મેસણકા, તા.ગારીયાધાર, જિ.ભાવનગર ......સામાવાળા

**વિષય :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારથી લાંગડીયા રીનાબેન ભીખાભાઈ વા/ઓ લુખી પ્રવિણભાઈના પોતા શ્રી લાંગડીયા રીનાબેન ભીખાભાઈનું જન્મ તા.૦૧/૦૧/૧૯૮૩ના રોજ મોજે મેસણકા તા. ગારીયાધાર ખાતે થયેલ હોય પરંતુ મોજે. મેસણકા ગ્રામ પંચાયતના રજીસ્ટરે તેમની તારીખ નોંધાયેલ ન હોય જેથી નાં દાખલાની જરૂરીયાત હોવાથી સદરહું અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના પોતાના અંગેની નોંધ જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને ત.ક.મ.શ્રી મેસણકાના જન્મ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગારીયાધાર ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુદત તા. ૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ૧૨-૦૦ કલાકે હાજર રહવું.

સ્થળ :- ગારીયાધાર
તારીખ :- ૦૪/૧૦/૨૦૨૫

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગારીયાધાર



**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

**-:જાહેર નોટીસઃ-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૬૧/૨૦૨૫

**અરજદારશ્રી:-** શ્રી દયાબેન હરિભાઈ માલવિયા વા/ઓ વિનુભાઈ ઠુંમર
રે. અમરાપુર, તા. વડીયા, જિ. અમરેલી
**એડવોકેટશ્રી વિજય કે. સરવૈયા મો.- ૭૮૭૮૨ ૦૭૭૬૬**

વિરૂધ્ધ

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી અમરાપુર, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી દયાબેન હરિભાઈ માલવિયા તે વા/ઓ વિનુભાઈ ઠુંમરનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ મુ.અમરામપુર, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા



**નામ બદલાવેલ છે**

આથી હું સમીર રસીદભાઈ ચૌહાણ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ ચૌહાણ સમીર રસીદ મહમદ માંથી બદલાવીને સમીર રસીદભાઈ ચૌહાણ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું સમીર રસીદભાઈ ચૌહાણ (નવુ) તરીકે ઓળખાઈશ.

સહી : સમીર રસીદભાઈ ચૌહાણ

એડ્રેસઃ કંસારા શેરી, ફેરીયા પા, ગામ : અમરેલી, તા.જી. અમરેલી ગુજરાત - ૩૬૫૬૦૧





BLUE BUDDHA
END OF SEASON SALE
Buy Rs. 4490/- Rs. 500/-off
Buy Rs. 9990/- Rs. 1250/- off
Buy Rs. 14990/- Rs. 2000/- off
Buy Rs. 19990/- Rs. 3000/- off
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

# કુંકાવાવ તાલુકાના મોટા ઉજળા ગામે પોષણ સંગમ જાગૃતિ દિવસ ઉજવાયો

અમરેલી,તા.૦૯

ગુરૂવારે રોજ પોષણ માસ વિકાસ સપ્તાહ અને પોષણ સંગમ જાગૃતિ દિવસ અંતર્ગત આઈસીડીએસ શાખાના મોટા ઉજળા ગામમાં તાલાળી, સનાળી, અનિડા, ખજુરી પીપળીયા, ભૂખલી સાથળી ગામના તમામ વર્કર બહેનો દ્વારા પોષણ સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં Thr /મીલેટ્સમાંથી બનાવેલ વાનગી



નિર્દેશન પૂર્વ પ્રાથમિક શિક્ષણ કીટનું નિર્દેશન કરવામાં આવેલ તે ઉપરાંત આ કાર્યક્રમમાં મોટા ઉજળાના સરપંચ વિપુલભાઈ ખીમાણી, હાઈસ્કૂલના કર્મચારીઓ તેમજ ICDS વિભાગના સુપરવાઈઝર શોભનાબેન સોલંકી તેમજ ગામના વાલીઓ, સગર્ભા માતાઓ, અપગ્રેડ બાળકો કિશોરીઓ વગેરે લાભાર્થીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. આ તમામ લાભાર્થીઓને પોષણ અંગે માર્ગદર્શન આપેલ તેમ જ ICDS વિભાગની વિવિધ યોજનાઓ અંગે પણ માહિતી આપવામાં આવેલ હતી. મુખ્ય મહેમાનોના વરદ હસ્તે તમામ સગર્ભા માતા તેમ જ અપગ્રેડ બાળકો કિશોરીને કીટનું વિતરણ કરવામાં આવેલ અને કુપોષણ નાબૂદી અંગે માહિતગાર કરવામાં આવેલ હતા.

# અમરેલીમાં મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી ખાતે પાંચ દિવસીય ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ મેળો તારીખ ૦૮.૧૦.૨૦૨૫ થી તારીખ ૧૨.૦૮.૨૦૨૫ સુધી ચાલશે. મેળાના ઉદ્‌ઘાટન પ્રસંગે અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા ખરીદ



વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી નગર શિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોષી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને હાટ મેળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ મેળામાં સખી મંડળ, સહકારી મંડળીઓ અને ઘરેથી કામ કરનારાઓના કુલ મળીને ૫૭ સ્ટોલ રાખવામાં આવેલા છે, જેમાં દિવાળીના તહેવારને લગતી અવનવી વેરાયટીઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે. મનીષ સંઘાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના સૂત્ર 'વોકલ ફોર લોકલ'ને સાર્થક કરવા માટે જિલ્લાની જનતાને હાટની મુલાકાત લેવા તેમજ ખરીદી કરવા માટે આહ્‌વાન કર્યું હતું.

# મોટી કુંકાવાવમાં ભાઈને ગાળો આપવાની ના પાડતા ધમકી આપી

**પાણીનો ટાંકો બનાવવા મુદ્દે મનદુઃખ હતું**

વડીયા, તા.૯

વડીયાના મોટી કુંકાવાવમાં ભાઈને ગાળો આપવાની ના પાડતા ધમકી આપી હતી. પાણીનો ટાંકો બનાવવા મુદ્દે મનદુઃખ થયું હતું. આ અંગે કિશોરભાઈ જીવરાજભાઈ ધાધલ (ઉ.વ.૫૦)એ યોગેશભાઈ ભીખાભાઈ ધાધલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના ભાઈ ભરતભાઈ ધાધલ તથા આરોપી યોગેશભાઈ ધાધલ બન્નેએ અગાઉ પાણીનો ટાંકો બનાવવાનું કામ ભાગમાં રહેલ હોય જે બાબતનું મનદુઃખ રાખી આરોપી તેના ભાઈને ગાળો આપતા હતા. જેથી તેમણે વચ્ચે પડી ગાળો દેવાની ના પાડતા લોખંડનો પાઈપ લઈ મારવા દોડ્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે શરદ પૂર્ણિમા નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલા શહેરમાં આવેલ કબીર ટેકરી ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે વસ્ત્ર વિતરણ, સાહિત્ય ગોષ્ઠિ અને મહાપ્રસાદ એમ ત્રિવિધ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ મહંત નારાયણદાસબાપુ, ઘનશ્યામબાપુ, કરશનગીરીબાપુ વગેરે સંતો-મહંતોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. સ્મિતાબેન



નિમ્બાર્ક દ્વારા સ્વાગત પ્રવચન રજૂ કરવામાં આવ્યું હતું. બાળવાર્તાકાર વાસુદેવભાઈ સોઢાએ કબીર ટેકરી દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓનો વિસ્તારથી ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે ઘનશ્યામબાપુ (રામાનંદી કન્યા છાત્રાલય) અને મુકેશભાઈ ભજનિકે પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું, જ્યારે ધનજીભાઈ મકવાણાએ કબીર ટેકરીની અવિરતપણે વહેતી સેવાની સરવાણી વિશે ભજન રજૂ કર્યું હતું. અતિથિ વિશેષ તરીકે આવેલા દુર્ગેશભાઈ ઓઝા (પોરબંદર) અને કાલિન્દીબેન પરીખ (અમરેલી) દ્વારા સાહિત્યિક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ નિમિત્તે અશોકભાઈ જોષી, ઈલાબેન જોષી સહિત અનેક અગ્રણીઓએ હાજરી આપી હતી.

# સાવરકુંડલામાં પત્ની સાથે બોલાચાલી થયા બાદ ઝેરી દવા પીનારા પતિનું સારવારમાં મોત

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલા શહેરમાં એક દુઃખદ ઘટના સામે આવી છે, જેમાં પત્ની સાથે થયેલી સામાન્ય બોલાચાલીનું મનમાં લાગી આવતાં એક યુવકે જીવ ગુમાવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સાવરકુંડલામાં રહેતા અબ્દુલભાઈ ભીખાભાઈ પઠાણ (ઉ.વ.૪૦)ને તેની પત્ની રિઝવાનાબેન અબ્દુલભાઈ પઠાણ (ઉ.વ.૩૫) સાથે કોઈ પારિવારિક બાબતે બોલાચાલી થઈ હતી. આ વાત યુવકના મનને એટલી બધી લાગી આવી કે તેણે લાગણીના આવેગમાં આવીને ઝેરી દવા પી લીધી હતી. જેથી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ તેનું મરણ થયું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં વિજયાદશમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા.૦૯

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં વિજયાદશમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નવદુર્ગા માતાજીના નવ સ્વરૂપોની મહાઆરતી તથા ભારતના અલગ અલગ રાજ્યોમાંથી વિરાંગનાઓ જેણે રાષ્ટ્રસેવામાં સિંહફાળો આપ્યો છે તેની ગાથા અને રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. દીકરીઓ દ્વારા શૌર્ય અને શક્તિનું પ્રતીક તલવારથી રાસ




રમી અને શસ્ત્રપૂજન પણ કરવામાં આવ્યું હતું. નારી શક્તિ ઉત્થાન ટ્રસ્ટ સા.કુંડલા યશોદરાબેન હિતેશભાઈ પંડ્યા દ્વારા નવદુર્ગા માતાજીની મહાઆરતી અને તેના નવ સ્વરૂપોના મહિમાની ગાથા અને રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી થકી ખરા અર્થમાં નારી તું નારાયણી સૂત્ર સાર્થક થયું હતું.

# અમરેલીની યુવતીને કરિયાવર મુદ્દે સાસરિયાએ કનડગત કરી

**પતિએ મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા.૦૯

અમરેલીમાં રહેતી એક યુવતીને કરિયાવર મુદ્દે સાસરિયાએ કનડગત કરી હતી અને પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ફરજાનાબેન અલ્ફેઝભાઈ કચરાએ જૂનાગઢના વંથલીમાં રહેતા પતિ અલ્ફેઝભાઈ મહમદભાઈ કચરા, સાસુ બીલ્કીશબેન મહમદભાઈ કચરા, સસરા મહમદભાઈ આમદભાઈ કચરા, જેઠ તનવીરભાઈ મહમદભાઈ કચરા તથા જેઠાણી અફસાનાબેન તનીવરભાઈ કચરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને આરોપીઓએ કરિયાવર મુદ્દે કનડગત કરી હતી. તેમજ નાની-નાની બાબતોમાં અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ, ગાળો આપી, ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો. પતિએ મારી નાખવાની ધમકી આપી હતી.

# બગસરા કુમાર છાત્રાલય ખાતે મહાત્મા ગાંધીજીની ૧૫૬મી જન્મજયંતીની ઉજવણી

બગસરા,તા.૦૯

બગસરા ખાતે લોકભારતી સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત કુમાર છાત્રાલયમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૬મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટીઓએ ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવીને સન્માન કર્યું હતું. ગૃહપતિ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વૈષ્ણવજન ભજન અને ધૂન કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં હાજર રહેલા મહાનુભાવો – કોટડીયા, પ્રિન્સિપાલ જેઠવા, શહેર પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી તેમજ દાફડાએ ગાંધીજીના જીવન-કવન વિશે પ્રવચન આપી વિદ્યાર્થીઓને તેમના આદર્શોથી માહિતગાર કર્યા હતા. ટ્રસ્ટી મૂળજીભાઈ મહીડાએ સ્વાગત પ્રવચન કરીને તમામ મહાનુભાવોનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજી વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એકથી ત્રણ નંબર મેળવનારા વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સર્ટિફિકેટ તેમજ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચોથ
તા. ૧૦-૧૦-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૮,
સૂર્યાસ્ત-૦૫:૫૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

તા.૧૦-૧૦-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજે કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ, મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# સા.કુંડલાની ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ભીંતચિત્ર સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલામાં નૂતન કેળવણી મંડળ દ્વારા સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ભીંતચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિકાસ સપ્તાહ અંતર્ગત ભીંતચિત્ર કલાને પ્રોત્સાહિત કરવા માટે આ ચિત્ર



સ્પર્ધાનું આયોજન થયું હતું. ૩ ઓક્ટોબરના રોજ આ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે નગવાડિયા દિવ્યા, દ્વિતીય નંબરે ચૌહાણ જીજ્ઞા અને તૃતીય નંબરે ગોંડલીયા ધારા તથા ચુડાસમા દિવ્યાએ ઈનામો મેળવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. પ્રતિમા એમ. શુક્લએ કર્યું હતું. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડી.એલ. ચાવડાનું માર્ગદર્શન મળ્યું હતું, તથા સમગ્ર સ્ટાફનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# રાજુલા શહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતાં છ ઝડપાયા

**પોલીસે રોકડા રૂ.૨૬,૦૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

રાજુલા, તા.૦૯

રાજુલામાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતાં છ ઈસમો રોકડા ૨૬,૦૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. દકુભાઈ ધીરૂભાઈ સારોલા, પ્રફુલભાઈ મનજીભાઈ સોલંકી, સુરેશભાઈ ત્રિકમદાસ ગોડેશ્વર, વલકુભાઈ ભગવાનભાઈ ભુકણ, વનરાજભાઈ જેતુભાઈ ધાધલ તથા કાદરભાઈ ઈસુફભાઈ બલોચ સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમાં ખુલ્લેઆમ તીનપત્તીનો હાર જીતનો જુગાર રમતા રોકડા રૂ.૨૬,૦૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં શિવ બાબા માનવસેવા ગ્રુપ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

બગસરા,તા.૦૮

શિવ બાબા માનવસેવા ગ્રુપ, બગસરા દ્વારા સાકેતવાસી હરિલાલ પ્રેમશંકરભાઈ વ્યાસ મામાના સ્મરણાર્થે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ વિમલબેન હરિલાલ વ્યાસ (શીતલ આઈસ્ક્રીમ વાળા) પરિવારના આર્થિક સહયોગથી યોજાયો હતો. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમરેલીના સહકારથી યોજાયેલ આ કેમ્પમાં ૯૪ વ્યક્તિઓએ ઉત્સાહભેર રક્તદાન કરીને અનેક લોકોની મહામૂલી જિંદગી બચાવવામાં પોતાનું અનરું યોગદાન આપ્યું



હતું. આ કેમ્પમાં નીતાબેન અને દયાબેન ખેતાણી પરિવાર તરફથી દરેક રક્તદાતાઓને સ્પેશિયલ ગિફ્ટ આપવામાં આવેલ હતી, જે બદલ શિવ બાબા માનવસેવા ગ્રુપે આભાર વ્યક્ત કર્યો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન બગસરાના વતની કનુભાઈ ગાંઠાણી તથા સિનિયર સિટીઝન પરિવારના અગ્રણી સભ્યો, દેવચંદભાઈ સાવલિયા સહિતના હાજર રહ્યા હતા.

# બાબરામાં કડવા પાટીદાર યુવક મંડળ દ્વારા શરદપૂનમે રાસોત્સવ ઉજવાયો

બાબરા, તા.૦૯

બાબરા શહેરના શ્રી કડવા પાટીદાર યુવક મંડળ દ્વારા શરદપૂનમના પર્વે ભવ્ય રાસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ બાબરાના ડોલી પાર્ટી પ્લોટ એન્ડ રિસોર્ટ ખાતે યોજાયો હતો, જેની જગ્યા જયસુખભાઈ દેત્રોજા દ્વારા તદ્દન નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે અરવિંદભાઈ



દાવતવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું, જ્યારે બાબરા ઉમિયા પરિવાર સમિતિએ તન, મન અને ધનથી સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ તકે બાબરા શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી સમાજના વડીલો, યુવાનો, બહેનો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**તંત્રી લેખ**

# ભારતમાં સેટેલાઈટ ઇન્ટરનેટની નવી ક્રાંતિ

આજે આપણા દેશમાં જ્યાં જુઓ ત્યાં મોબાઈલના ટાવરો નજરે પડે છે પરંતુ ટૂંક સમયમાં આ ટાવરોની સંખ્યા સાવ ઘટી જશે કારણ કે હવે ઈન્ટરનેટ ટાવર દ્વારા નહીં પણ અંતરિક્ષમાં ફરતા ઉપગ્રહ દ્વારા પ્રાપ્ત થશે આને કારણે દૂર દૂર રહેલા દુર્ગમ ગામડાઓ અને પર્વતીય વિસ્તારોમાં જ્યાં ટાવર રાખી શકાય તેમ નથી ત્યાં ઈન્ટરનેટ પહોંચી જશે. આ એક નવી ક્રાંતિની ભારતમાં શરૂઆત થઈ રહી છે. આ માટે ત્રણ કરતાં વધારે કંપનીઓએ ભારત સરકારને લાયસન્સ માટે અરજી કરી છે. ભારતમાં ડિજિટલ ક્રાંતિના નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે જ્યારે સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓની શરૂઆત થવાની તૈયારીઓ છે. ભારત સરકાર દ્વારા આ સેવાઓ માટે લાઈસન્સ જારી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જે દેશના દૂરદરાજના ગ્રામીણ અને પર્વતીય વિસ્તારોમાં ઈન્ટરનેટ પહોંચ વિસ્તારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાય છે. નવી દિલ્હીમાં આયોજિત ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૫ના સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની ડિજિટલ પ્રગતિ પર પ્રકાશ પાડતા કહ્યું કે દેશમાં ઈન્ટરનેટ ડેટાના ભાવમાં ઐતિહાસિક ઘટાડો થયો છે. આજે એક જીબી ડેટાની કિંમત એક કપ ચાના ભાવ કરતાં પણ ઓછી થઈ છે જે ભારતના ડિજિટલ વિસ્તરણની વ્યાપકતાને દર્શાવે છે. ઈન્ટરનેટ ડેટાના ભાવમાં આ નાટકીય ઘટાડો દેશની ડિજિટલ સમાવેશિતતાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ રહી છે જેને કારણે કરોડો ભારતીયો ઈન્ટરનેટ સુવિધાઓનો લાભ લઈ શક્યા છે. ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓની શરૂઆત થવાની તારીખ અંગે વિગતવાર માહિતી સામે આવી છે. ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૫ના પ્રસંગે ભારતના ટેલિકોમ રોડમેપની જાહેરાત કરી હતી જેમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓના ભવિષ્યના પગલાંઓનો સમાવેશ થાય છે. અધિકૃત સૂત્રો અનુસાર સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓનો વાણિજ્યિક ઉપયોગ આગામી વર્ષની શરૂઆતમાં દેશભરમાં શરૂ થવાની સંભાવના છે. આ સેવાઓ માટે ત્રણ કંપનીઓને લાઈસન્સ પ્રાપ્ત થયા છે જેમાં યુટેલસેટ વનવેબ, જિયો-સેસ અને સ્ટારલિંકનો સમાવેશ થાય છે. આ તમામ કંપનીઓ હાલમાં ભારતમાં પોતાની સેવાઓ શરૂ કરવાની તૈયારીઓમાં રોકાયેલી છે. સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા એ એક પ્રકારની બ્રોડબેન્ડ કનેક્ટિવિટી છે જેમાં ઈન્ટરનેટ ડેટાનું પ્રસારણ અને સ્વીકાર પરંપરાગત કેબલ, ફાઈબર અથવા મોબાઈલ ટાવર નેટવર્ક પર આધારિત ન રહેતા સીધા સેટેલાઈટ દ્વારા કરવામાં આવે છે. આ તકનીકનો મુખ્ય લાભ એ છે કે તે ભૌગોલિક રીતે દુર્ગમ વિસ્તારોમાં પણ ઈન્ટરનેટ સેવા પહોંચાડવામાં સક્ષમ છે જ્યાં પારંપરિક ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નાખવું અશક્ય અથવા ખૂબ ખર્ચાળ છે. ભારત જેવા વિવિધ ભૌગોલિક પરિસ્થિતિઓ ધરાવતા દેશ માટે સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓનું ખાસ મહત્વ છે. હાલમાં દેશમાં ડિજિટલ કનેક્ટિવિટીનું વિતરણ સમાન નથી અને ઘણા ગ્રામીણ તથા પર્વતીય વિસ્તારોમાં ઈન્ટરનેટ સુવિધાઓનો અભાવ રહે છે. આવા વિસ્તારોમાં મોબાઈલ ટાવર અથવા બ્રોડબેન્ડ કેબલ નેટવર્ક નાખવું આર્થિક રીતે વ્યવહારુ નથી જેના કારણે સેટેલાઈટ આધારિત ઈન્ટરનેટ સેવાઓ સૌથી યોગ્ય વિકલ્પ બની રહી છે. આ નવી સેવાઓથી શિક્ષણ, આરોગ્ય સેવાઓ, ખેડૂત સહાય, ડિજિટલ બેંકિંગ અને અન્ય ઓનલાઈન સેવાઓ દૂરના વિસ્તારોમાં પણ સહેલાઈથી પહોંચી શકશે.

# ભારત, અમેરિકા સહિતના દેશો પર એઆઈનો જબરજસ્ત પ્રભાવ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આજે જગત એક નવી ક્રાંતિના દ્વાર પર ઉભું છે. એ દ્વાર છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. આજે મશીન પણ માનવીની જેમ વિચારવા લાગ્યા છે. સુરત, ભાવનગર કે અમરેલીના હીરાના કારખાનાઓમાં હવે એવા કોમ્પ્યુટર આવી ગયા છે જે હીરાને કેવો આકાર આપવો તે બાબતમાં કોમ્પ્યુટર સલાહ આપે છે. સાડીમાં કેવી ડિઝાઈન બનાવવી તે પણ હવે કેનવા એઆઈ પર નક્કી થાય છે. માનવી જે આદેશ આપે તે પ્રમાણે આ મશીનની બુદ્ધિ કામ કરે છે. આ આદેશને ટેકનિકલ ભાષામાં પ્રોમ્પ્ટ કહેવામાં આવે છે. આ એક નવી ટેકનોલોજીની શરૂઆત છે. એઆઈ એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અથવા કૃત્રિમ બુદ્ધિમત્તા. સરળ શબ્દોમાં કહીએ તો, તે એવી ટેકનોલોજી છે જે મશીનોને માનવ મગજની જેમ વિચારવા, શીખવા અને સમસ્યાઓનું નિરાકરણ કરવાની ક્ષમતા આપે છે. જે રીતે માનવ દિમાગ અનુભવોમાંથી શીખે છે, તે જ રીતે એઆઈ પણ ડેટામાંથી શીખે છે અને તેના આધારે નિર્ણય લે છે. આજે એઆઈનો ઉપયોગ વૉઈસ અસિસ્ટન્ટ્સ, રોગોની ઓળખ, સ્વચાલિત વાહનો અને ભવિષ્યવાણી કરનારા ટેક્સ્ટ ટૂલ્સમાં થઈ રહ્યો છે. તે ટેકનોલોજીની દુનિયામાં એક ક્રાંતિ સમાન છે, જે આપણું જીવન અને કામ કરવાની રીત બદલી રહી છે. એઆઈના ફાયદા અસંખ્ય છે અને તે વિવિધ ઉદ્યોગોમાં પરિવર્તન લાવી રહ્યા છે. સૌથી મોટો ફાયદો છે તેની ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારવાની ક્ષમતા છે. એઆઈ સિસ્ટમ્સ નીરસ અને સમય ખાઈ જનારા કાર્યોને સ્વચાલિત રીતે કરી શકે છે, જેથી માનવ કર્મચારીઓ વધુ રચનાત્મક અને જટિલ કામો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. આરોગ્ય ક્ષેત્રે, એઆઈ ઈમેજ અને મેડિકલ ડેટાનું વિશ્લેષણ કરી રોગોનું વહેલું અને ચોક્કસ નિદાન કરવામાં ડૉક્ટરોની મદદ કરે છે. ગ્રાહક સેવામાં, ચેટબોટ્સ ચોવીસ કલાક સેવા પૂરી પાડી શકે છે. એઆઈ શિક્ષણ, ટ્રાન્સપોર્ટ, ખેતી અને ઊર્જા જેવા ક્ષેત્રોમાં પણ નવીનતા લાવી રહ્યું છે, સમગ્ર અર્થતંત્રને ગતિ આપી રહ્યું છે અને નવી તકોનું સર્જન કરી રહ્યું છે. જોકે, દરેક સિક્કાના બે પાસા હોય છે અને એઆઈ પણ તેમાં અપવાદ નથી. એઆઈથી થતા નુકસાન અથવા જોખમોમાં રોજગારી પરની અસર સૌથી વધુ ચર્ચામાં છે. ઘણાને ભય છે કે એઆઈ મશીનો માનવ શ્રમની જરૂરિયાતને ઘટાડી દેશે, ખાસ કરીને પુનરાવર્તિત કામ કરનારા ક્ષેત્રોમાં. ડેટા ગોપનીયતા એ બીજી મોટી ચિંતા છે, કારણ કે એઆઈ સિસ્ટમ્સ વ્યક્તિગત



માહિતીના વિશાળ સંગ્રહ પર ચાલે છે. એઆઈ એલ્ગોરિધમમાં પૂર્વગ્રહનો મુદ્દો પણ છે, જેના કારણે ભેદભાવપૂર્ણ નિર્ણય થઈ શકે છે. વધુમાં, એઆઈ સિસ્ટમ્સની નિષ્ઠા અને નિયંત્રણને લઈને પણ પ્રશ્નો ઉભા થયા છે. આ બધી ચિંતાઓના નિવારણ માટે એઆઈનો જવાબદારીભર્યો વિકાસ અને નિયમન જરૂરી છે. હાલમાં, અમેરિકન અર્થતંત્ર અને રોકાણકારો એઆઈ પ્રત્યે આશાવાદી દેખાય છે, તેને એક જાદુઈ લાકડી તરીકે જોવામાં આવે છે જે વિવિધ પડકારોનો સામનો કરી શકે છે. અમેરિકા ઊંચા ટેરિફ, ઈમિગ્રેશન નીતિમાં અડચણો, વધતા સરકારી દેવા અને ફુગાવા જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. છતાં, દેશની મોટી કંપનીઓ અને રોકાણકારો એઆઈમાં મજબૂત વિશ્વાસ દર્શાવી રહ્યા છે. તેઓ એઆઈમાં અબજો ડોલર રોકી રહ્યા છે અને માને છે કે આ ટેકનોલોજી આર્થિક વૃદ્ધિને ટકાવી રાખશે અને સમસ્યાઓનો ઉકેલ લાવશે. આ વર્ષે અમેરિકાની જીડીપી વૃદ્ધિમાં એઆઈનો ચાળીસ ટકા જેટલો મોટો હિસ્સો રહેવાની અપેક્ષા છે. એઆઈના આ ઉત્સાહની અસર સીધી શેરબજાર પર દેખાઈ રહી છે. ૨૦૨૫માં અત્યાર સુધીમાં, અમેરિકાની એઆઈ કંપનીઓના શેરમાં અઠ્યાસી ટકા જેટલી ભારે વૃદ્ધિ થઈ છે. આ ઉછાળાએ સમગ્ર અર્થતંત્રને ગતિ આપી છે, કારણ કે એઆઈથી પ્રેરિત શેરબજાર વિશ્વભરમાંથી નાણાં ખેંચે છે અને શ્રીમંત લોકોના ખર્ચમાં વધારો કરે છે. અમેરિકાની વસતીના ટોચના દસ ટકા લોકો પાસે દેશના શેરની પંચ્યાસી ટકા જેટલી સંપત્તિ છે. તેથી, જ્યારે શેરબજાર ચડે છે ત્યારે આ લોકો વધુ શ્રીમંત બને છે અને તેમનો ખર્ચ વધે છે, જે સમગ્ર અર્થતંત્રને ફાયદો પહોંચાડે છે. નવા ડેટા દર્શાવે છે કે ટોચના દસ ટકા કમાણી કરનારા લોકો અમેરિકન ગ્રાહક ખર્ચના અડધા હિસ્સા માટે જવાબદાર છે, જે ઈતિહાસમાં સૌથી વધુ છે. જોકે, અમેરિકા કેટલીક મૂળભૂત સમસ્યાઓનો પણ સામનો કરી રહ્યું છે. સરકારી ખર્ચ અને દેવાનો વધતો જથ્થો. અમેરિકાનું સરકારી દેવું હાલમાં તેના જીડીપીના લગભગ સો ટકા જેટલું છે, જે બીજા વિશ્વયુદ્ધ પછીના શિખરની નજીક છે. જો ખર્ચ અત્યારના દરે જ ચાલુ રહ્યો, તો આ દેવાનો બોજો વધુ ગંભીર રૂપ ધારણ કરશે. અહીં પણ એઆઈથી જ મદદ મળવાની અપેક્ષા છે. વિશ્વભરના બજારો આ ગુલાબી અપેક્ષાઓમાં વિશ્વાસ રાખી રહ્યા છે. બોન્ડ રોકાણકારોએ તાજેતરમાં જ જાપાન, ફ્રાન્સ અને બ્રિટન જેવા દેશોની તુલનામાં અમેરિકાના બોન્ડ્સ પ્રત્યે વધુ રુચિ દર્શાવી છે, જેમનો સરકારી ખર્ચ અમેરિકા કરતાં ઓછો છે. આ બધા દેશોમાં સરકારી બોન્ડ્સ વેચાણમાં હતા, પરંતુ એકલા અમેરિકામાં જ આ વર્ષે દસ-વર્ષના સરકારી બોન્ડના ભાવમાં વધારો જોવા મળ્યો છે. આ બધા વિવિધ જોખમોનો સામનો કરવા માટે એઆઈને જાદુઈ શસ્ત્ર તરીકે જોવામાં આવે છે. તેનું મુખ્ય કારણ એ છે કે એઆઈથી ઉત્પાદકતામાં ભારી વૃદ્ધિ થશે તેવી અપેક્ષા છે. જો દરેક કામદાર એઆઈની મદદથી વધુ ઉત્પાદન કરશે, તો તે સમગ્ર જીડીપીને વધારશે અને દેવાના બોજાને હળવો કરશે. આનાથી શ્રમની માગમાં થોડો ઘટાડો થઈ શકે છે, પરંતુ તે કંપનીઓને કિંમતો વધાર્યા વિના જ વેતન વધારવા માટે સક્ષમ બનાવશે, જેથી ફુગાવાનું જોખમ ઘટશે. તાજેતરના વર્ષોમાં, અમેરિકામાં ઉત્પાદકતા વિકસિત દેશોના જૂથ કરતાં પણ વધુ ઝડપથી વધી છે. ઉત્પાદકતામાં આવનારા આવા ચમત્કારની સંભાવનાએ જ સ્થાનિક અને વિદેશી રોકાણકારોમાં વિશ્વાસ પેદા કર્યો છે. તેઓ માને છે કે અમેરિકા એઆઈ, સંશોધન, મૂળભૂત સુવિધાઓ અને સ્વીકૃતિમાં અગ્રણી છે અને બીજા દેશો આટલી ઝડપથી આ અંતર પૂરું નહીં કરી શકે. આ આશાવાદી કથાનકમાં એક અસંગતતા ડોલરની કમજોર થતી કિંમત છે. જોકે, ઘણા વિશ્લેષકો માને છે કે ડોલરનો હાલનો ઘટાડો વિદેશી રોકાણકારોના કારણે છે, જેઓ અમેરિકન શેરમાં રોકાણ કરવાનું ચાલુ રાખી રહ્યા છે. વિદેશી રોકાણકારોએ અમેરિકન શેરમાં રેકોર્ડ બનાવતા અબજો ડોલરનું રોકાણ કર્યું છે. હવે તેઓ અમેરિકન શેરબજારના લગભગ ત્રીસ ટકા હિસ્સાના માલિક છે, જે બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી વધુ હિસ્સો છે. એક રીતે, અમેરિકા પર એઆઈની શરત લગાડવામાં આવી છે. એઆઈએ હવે અમેરિકા માટે સારું પ્રદર્શન કરવું પડશે, નહીં તો અર્થતંત્ર અને શેરબજારો તે પાયો ગુમાવી બેસશે, જેના પર તેઓ આજે ઊભા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આગમનથી ભારતના વિકાસને નવું બળ મળ્યું છે, ભારતની પ્રગતિ સરળ બની છે.

**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આજે અમેરિકા સહિતના વિશ્વના દેશો માટે અર્થતંત્રની સૌથી વધુ ચર્ચિત વિષયવસ્તુ બની ગઈ છે. એક તરફ જ્યાં એઆઇથી ઉત્પાદકતા વધી, આર્થિક વૃદ્ધિને નવો આયામ મળ્યો, ત્યાં બીજી તરફ તે રોજગારી છીનવવી અને સામાજિક અસમાનતા વધારવાનો ડર પણ પેદા કરે છે. અમેરિકન કંપનીઓ એઆઇમાં અબજો ડોલર રોકી રહી છે, પણ શું આ ટેકનોલોજી ખરેખર બધી આર્થિક સમસ્યાઓનો રામબાણ ઇલાજ સાબિત થશે?**

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૩૫ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૧૯ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૩૪ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૨૮ |
| બાજરી | ૩૬૦ | ૪૨૨ |
| તુવેર | ૯૫૦ | ૧૩૧૩ |
| ચણા પીળા | ૮૫૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૯૭૦ |
| અડદ | ૧૦૮૦ | ૧૫૫૬ |
| મગ | ૧૧૭૦ | ૧૮૨૧ |
| વાલ દેશી | ૫૫૦ | ૧૦૪૦ |
| ચોળી | ૭૫૦ | ૧૪૭૦ |
| વટાણા | ૧૦૧૫ | ૧૬૮૦ |
| કળથી | ૫૫૦ | ૬૫૦ |
| રાજમા | ૧૦૧૫ | ૧૫૦૫ |
| સીંગદાણા | ૧૦૨૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૦૪૫ |
| મગફળી જીણી | ૮૧૫ | ૧૨૪૨ |
| તલી | ૧૩૩૦ | ૧૯૮૬ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૮૩ |
| અજમો | ૯૪૦ | ૨૦૯૫ |
| સોયાબીન | ૫૫૦ | ૮૮૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૩૦૩૦ | ૩૯૦૦ |
| લસણ | ૪૧૦ | ૧૦૧૦ |
| ધાણા | ૧૩૩૦ | ૧૪૪૦ |
| ધાણી | ૧૩૩૦ | ૧૪૮૧ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૫૦૦ |
| રાય | ૧૩૦૦ | ૧૫૩૫ |
| મેથી | ૭૯૦ | ૧૨૦૧ |
| ઇસબગુલ | ૯૫૦ | ૧૧૫૦ |
| અશેરીયો | ૧૧૨૨ | ૧૧૮૨ |
| કલોંજી | ૩૦૫૦ | ૪૧૧૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૩૫ |
| રજકાનું બી | ૬૫૫૦ | ૮૦૧૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૬૪૧ | ૧૧૨૬ |
| પપૈયા | ૯૨ | ૧૨૮ |
| બટેટા | ૧૬૦ | ૪૧૧ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૫૦ |
| ટમેટા | ૩૧૦ | ૫૨૫ |
| સુરણ | ૮૦૭ | ૯૩૫ |
| કોથમરી | ૧૭૨૦ | ૨૧૪૨ |
| મુળા | ૨૩૫ | ૪૧૦ |
| રીંગણા | ૨૪૭ | ૫૩૨ |
| કોબીજ | ૧૧૩ | ૨૩૨ |
| ફ્લાવર | ૩૭૦ | ૫૭૫ |
| ભીંડો | ૨૭૮ | ૫૪૧ |
| ગુવાર | ૭૨૯ | ૧૭૪૫ |
| ચોળાસીંગ | ૪૧૦ | ૭૩૫ |
| વાલોળ | ૪૫૧ | ૭૫૪ |
| ટીંડોરા | ૬૩૨ | ૧૦૧૫ |
| દુધી | ૨૪૪ | ૪૧૯ |
| કારેલા | ૨૩૩ | ૪૦૮ |
| સરગવો | ૧૪૮૫ | ૨૦૭૫ |
| તુરીયા | ૪૫૧ | ૬૨૨ |
| પરવર | ૧૦૫૨ | ૧૨૨૬ |
| કાકડી | ૩૨૦ | ૭૨૫ |
| ગાજર | ૬૪૫ | ૮૦૯ |
| વટાણા | ૩૫૫૦ | ૪૫૩૨ |
| ગલકા | ૫૭૨ | ૮૧૫ |
| બીટ | ૨૪૨ | ૪૫૭ |
| મેથી | ૧૨૭૪ | ૧૬૯૮ |
| વાલ | ૭૪૫ | ૯૨૭ |
| ડુંગળી લીલી | ૧૮૨ | ૪૦૯ |
| આદુ | ૮૬૦ | ૧૨૨૩ |
| મરચા લીલા | ૨૪૦ | ૭૮૫ |
| હળદર લીલી | ૧૦૨૫ | ૧૨૦૫ |
| લસણ લીલું | ૮૫૩ | ૧૬૨૭ |
| મગફળી લીલી | ૪૩૬ | ૬૫૮ |
| મકાઇ લીલી | ૧૬૨ | ૨૨૪ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૧ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૭૨ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૦૦ |
| મગફળી જીણી | ૬૫૧ | ૧૨૫૧ |
| સિંગદાણા જાડા | ૯૩૧ | ૧૩૧૧ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૨૪૧ |
| એરંડા / એરંડી | ૯૫૧ | ૧૨૮૬ |
| તલ લાલ | ૨૩૭૧ | ૨૩૭૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૩૫૦૧ |
| ધાણા | ૯૦૧ | ૧૬૦૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૯૭૧ |
| ડુંગળી લાલ | ૯૦ | ૩૦૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૫૧ |
| તુવેર | ૧૦૭૬ | ૧૩૩૧ |
| રાય | ૮૦૦ | ૧૩૨૧ |
| મેથી | ૫૧૧ | ૯૭૧ |
| કાંગ | ૨૩૧ | ૪૮૧ |
| સુરજમુખી | ૮૧૧ | ૮૧૧ |
| મગફળી જાડી | ૫૬૧ | ૧૦૨૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૫૧ |
| મગફળી ૬૬ | ૮૦૬ | ૧૪૪૧ |
| તલ - તલી | ૯૫૧ | ૨૧૬૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૪૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૮૭૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૧૨૨૬ | ૧૮૫૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૨૧ |
| વાલ | ૫૦૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૦૬૧ |
| સોયાબીન | ૫૭૧ | ૮૫૧ |
| અજમાં | ૧૦૯૧ | ૧૦૯૧ |
| કળથી | ૯૪૧ | ૯૪૧ |
| ગોગળી | ૭૦૧ | ૯૨૧ |
| વટાણા | ૧૫૯૧ | ૧૫૯૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૮૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૮૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૪૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૫૦૦ | ૯૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૭૮૦ | ૧૦૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| બટેટા | ૨૩૦ | ૩૫૦ |
| લીલી હળદર | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૨ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| અલાવિપન | ૬ | ૧૨ |
| પરવર | ૮૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૫૮૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૬ |
| પાલક પુરા | ૩ | ૬ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૬૦૦ | ૯૯૨ |
| શીંગ મોટી | ૬૮૫ | ૧૦૨૬ |
| શિંગ દાણા | ૯૦૦ | ૧૩૦૫ |
| શિંગાદાણ ફાડા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૨૨૫૦ | ૪૦૭૦ |
| તલ કશ્મીરી | ૧૫૫૦ | ૨૨૦૦ |
| બાજરો | ૩૩૧ | ૩૪૭ |
| જુવાર | ૩૬૦ | ૭૦૧ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૭૩ |
| ઘઉં લોકવન | ૫૧૩ | ૫૮૦ |
| મકાઈ | ૬૫૦ | ૬૫૦ |
| મગ | ૧૦૨૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૦૩૦ | ૧૨૫૦ |
| ચણા | ૮૬૬ | ૧૦૭૭ |
| સફેદ ચણા | ૧૦૩૫ | ૧૦૪૪ |
| છોલે ચણા | ૧૫૨૫ | ૧૬૬૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૨૨ |
| કપાસ | ૭૫૮ | ૧૬૧૫ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૩૦ |
| જીરૂ | ૩૨૮૦ | ૩૩૮૪ |
| રાય | ૧૪૪૫ | ૧૪૯૦ |
| ધાણા | ૧૦૮૦ | ૧૪૧૩ |
| અજમા | ૯૫૦ | ૧૨૧૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૯ |
| રજકાનું બી | ૨૩૭૫ | ૭૦૦૦ |
| કાંગ | ૩૭૧ | ૪૩૮ |

**અમરેલી શાકભાજી**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૨૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૫૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૯૦ | ૨૪૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૩૪૦ | ૪૦૦ |
| સુરણ | ૭૨૦ | ૮૨૦ |
| ગાજર | ૬૪૦ | ૮૪૦ |
| દુધી | ૩૦૦ | ૬૦૦ |
| કારેલા | ૩૨૦ | ૫૨૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૮૦ |
| કાકડી | ૨૪૦ | ૪૪૦ |
| ગુવાર | ૬૪૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૧૨૫૦ |
| વાલ | ૮૫૦ | ૧૦૫૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૪૦ |
| તુરીયા | ૫૨૦ | ૮૦૦ |
| આમળા | ૮૦૦ | ૯૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૫૦ |
| હળદળ લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૨૫૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૭૨૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૨૦ |
| ચીભડા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૨૦૦૦ | ૨૮૦૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૪૧૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૦૪૦ | ૧૨૪૦ |
| લસણ સુકું | ૬૦૦ | ૧૦૪૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૨૦ |
| લીબુ | ૫૪૦ | ૮૦૦ |
| પાલક | ૫૮૦ | ૮૨૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૬૦૦ | ૯૫૧ |
| શીંગ મોટી | ૭૦૦ | ૧૦૪૫ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૦૬૩ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૮૫ |
| બાજરો | ૩૨૫ | ૪૭૧ |
| અડદ | ૧૦૬૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૦૫૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૩૨ | ૧૫૬૮ |
| કપાસ સી ગ્રેડ | ૯૨૦ | ૯૨૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૨૩ | ૧૪૩૦ |
| કપાસ કોડી | ૯૦૫ | ૧૧૯૫ |
| મગફળી | ૬૨૧ | ૭૫૩ |
| ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| સોયાબીન | ૭૧૫ | ૭૧૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૧૧ |
| અડદ | ૮૮૦ | ૧૦૭૦ |
| ચણા | ૬૨૦ | ૧૦૬૧ |
| ચણા સફેદ | ૭૫૦ | ૧૦૪૬ |
| શીંગદાણા | ૯૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૬૮૭ | ૭૪૫ |
| મગફળી | ૪૯૬ | ૪૫૧ |
| તલ સફેદ | ૧૫૬૫ | ૧૮૭૨ |
| જુવાર | ૩૭૧ | ૩૮૧ |
| લસણ | ૨૯૦ | ૩૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકરનવો | ૧૨૮૦ | ૧૫૮૦ |
| કપાસ મીડીયમ | ૮૫૦ | ૧૨૫૦ |
| મગફળી નવી | ૭૯૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૭૯૦ |
| તલ કાળા | ૨૬૬૦ | ૪૦૦૦ |
| જીરૂ | ૨૯૯૫ | ૩૩૫૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૫૫ |
| મગ | ૧૨૮૫ | ૧૪૭૫ |
| અડદ | ૮૮૫ | ૧૨૭૫ |
| સોયાબીન | ૭૪૬ | ૭૬૪ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૫૦૦ | ૮૨૬ |
| તલ સફેદ | ૧૭૦૧ | ૧૯૦૧ |
| તલ કાળા | ૩૪૦૦ | ૩૪૦૦ |
| કપાસ | ૫૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૫૯ | ૪૬૬ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૪૯૨ |
| જુવાર | ૪૬૦ | ૮૦૦ |
| મગ | ૧૪૧૪ | ૧૪૧૪ |
| અડદ | ૭૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૫૫૫ | ૧૧૧૧ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૫૦૦ |
| મેથી | ૧૨૬૦ | ૧૨૬૦ |
| રાય | ૧૩૬૧ | ૧૩૬૧ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૦૧ | ૧૫૩૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૮ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૬ |
| અડદ | ૭૦૧ | ૧૨૭૧ |
| મગફળી | ૫૦૧ | ૯૬૬ |
| સીંગફાડા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૦૫૧ | ૧૮૩૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૩૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૨૧ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ નવો | ૧૧૩૩ | ૧૫૦૧ |
| કપાસ કોડી | ૬૭૬ | ૧૧૧૧ |
| મગફળી | ૬૦૦ | ૬૦૦ |
| તલસફેદ | ૧૫૧૦ | ૧૬૯૧ |
| મેથી | ૬૬૦ | ૬૬૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૭૨૨ | ૧૧૧૫ |
| શીંગ ૩૯ | ૬૬૬ | ૧૦૩૮ |
| શીંગ ગીરનારી | ૬૩૫ | ૮૭૦ |
| શીંગ જી-૨૦ | ૬૭૨ | ૯૯૪ |
| જુવાર | ૪૧૭ | ૪૧૭ |
| બાજરી | ૩૬૭ | ૪૫૨ |
| ઘઉં ટુકડા | ૫૧૭ | ૬૧૬ |
| મકાઈ | ૪૭૩ | ૫૫૧ |
| અડદ | ૭૮૦ | ૧૦૦૦ |
| મગ | ૧૦૧૦ | ૧૦૨૦ |
| મેથી | ૮૪૦ | ૮૪૦ |
| ચણા | ૧૦૪૫ | ૧૦૪૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૩૧ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૯૭૫ |
| ધાણા | ૯૮૬ | ૯૮૬ |
| ડુંગળી લાલ | ૭૦ | ૨૭૫ |
| ડુંગળી સફેદ | ૮૨ | ૩૦૫ |
| કપાસ શંકર | ૭૦૦ | ૧૫૦૦ |
| નાળીયેર | ૧૪૮૦ | ૩૩૯૫ |


**કોડીનાર**

| | | |
|---|---|---|
| કપાસ (ડોળાસા) | ૮૦૦ | ૧૫૭૧ |
| મગફળી નવી | ૭૭૦ | ૧૦૦૯ |
| બાજરો | ૩૫૦ | ૫૨૮ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૮ |
| જુવાર | ૫૫૦ | ૭૦૫ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૭૩૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૫ |
| તલ | ૧૨૫૦ | ૧૮૭૨ |
| કાળા તલ | ૧૮૦૦ | ૩૭૧૦ |
| સોયાબીન | ૪૫૦ | ૮૩૫ |
| ડાંગર | ૭૦૦ | ૮૪૫ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૫૬૫ | ૭૩૫ |
| બાજરો | ૩૦૦ | ૩૯૦ |
| ઘઉં | ૪૯૫ | ૫૪૧ |
| મગ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૩૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૩ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૧૮૨૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૩૮ |
| તલ | ૮૫૦ | ૧૯૯૫ |
| તલ કાળા | ૧૦૦૦ | ૨૮૦૦ |
| લસણ | ૪૮૦ | ૧૦૪૦ |
| કપાસ | ૮૫૦ | ૧૫૦૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૪૦૫ |
| અજમો | ૬૦૦ | ૩૦૬૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૪૫ |
| ડુંગળી સુકી | ૧૮૫ | ૨૬૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૫૫ |
| રાજમા | ૯૦૦ | ૧૨૮૦ |

## શબ્દ સંજોગ-૨૦૮૩



**આડી ચાવી :**
(૧) ખડકલો, ઢગલો (૨)
(૩) નામ નિર્દેશ વગર(૪)
(૬) બંદુકનો અવાજ (૩)
(૮) ડાયરી, રોજનીશી (૩)
(૧૦) ભીમનું આયુધ (૨)
(૧૨) શેઠ, માલિક (૨)
(૧૩) તપકીર, છીંકણી (૩)
(૧૫) એક રાગ (૩)
(૧૬) હુકમ (૨)
(૧૭) જળાશય (૩)
(૧૯) પક્ષ, સહાયતા (૨)
(૨૧) ફરક, તફાવત (૨)
(૨૨) એક ધાન્ય (૩)
(૨૪) લીટી, રેખા (૩)
(૨૮) એક ચોઘડીયું (૨)
(૨૯) વળગવું તે (૪)
(૩૦) નવું આવેલું (૪)

**ઊભી ચાવી :**
(૧) મધ્ય પ્રદેશનું એક શહેર (૩)
(૨) ખેર, ભલે(૨)
(૪) ગાય (૨)
(૫) પરશુરામની માતા (૩)
(૬) જમા-ઉધારનું તારણ (૩)
(૭) બગાડ, વિકાર (૨)
(૧૧) ગધેડાના પગ બાંધવાનું દોરડું (૩)
(૧૨) આ બાજુથી પેલી બાજુ (૪)
(૧૪) ક્રીકેટ જીતવા જોઈએ (૨)
(૧૬) સમજદાર (૩)
(૧૮) ભ્રમિત થયેલું (૩)
(૨૦) વસ્તુનો છેડો, કિનાર (૨)
(૨૧) લુગડાની ફડક (૨)
(૨૩) વા વાયાને.... ઉમટ્યા (૩)
(૨૫) યશોગાન, વખાણ (૩)
(૨૬) આવકાર, સત્કાર (૩)
(૨૭) શરત, કરાર(૨)
(૨૮) ચોમાસાના પાણીથી પડેલો ખાડો (અ) (૨)

## શબ્દ સંજોગ-૨૦૮૨ જવાબ

**આડી ચાવી :** (૧) નવખંડ (૪) વતરેક (૬) વણજ (૭) કેડ (૮) નરો (૧૦) વાયોલિન (૧૪) તડ (૧૫)વારિ (૧૭) કાંત (૧૮) ખત્રી (૧૯) શ્વેતાંબર (૨૧) ક્ષમતા (૨૩) ડચ (૨૪) અંતિમ (૨૬) નાક (૨૮)વંશ (૨૯) તારકસ

**ઊભી ચાવી :** (૧) નવધા (૨) વણ (૩) ખંજન (૪) વડવા (૫) રેડિયો (૯) રોતડ (૧૧) નર્સ (૧૨) લિજ્જત (૧૩) ધરિત્રી (૧૫) વાખરો (૧૬) તતાં (તાંત) (૧૭) કારચના(કાચનાર) (૧૯) સ્વેતા (૨૦) બડ (૨૧) મમતા (૨૪) અંશ (૨૫) ખાક (૨૭) કડો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભારતને આત્મનિર્ભર બનાવવા માટે અમરેલીમાં સંકલ્પ અભિયાનનો પ્રારંભ

અમરેલી,તા.૦૯

ભારતને આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્વદેશી અંગે સમાજમાં જાગરૂકતા વ્યાપે તેવા ઉદ્દેશ્ય સાથે સમગ્ર દેશમાં 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' નો પ્રારંભ થયો છે, જેના ભાગ રૂપે તા.૦૯ના રોજ અમરેલી જિલ્લા ભાજપ આયોજિત અજમેરા સ્કૂલના વર્ધમાન



હોલ ખાતે આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાનની જિલ્લા કાર્યશાળા યોજાઈ હતી, જેમાં મુખ્ય વક્તા તરીકે રાજકોટના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાનના સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ સુરેશભાઈ ગોધાણી, વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, પ્રદેશ ભાજપ મંત્રી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા, મયુરભાઈ માંજરીયા, ભાવનાબેન ગોંડલીયા સહિત આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાનની જિલ્લાની ટીમ, જિલ્લા ભાજપના અગ્રણીઓ, સહકારી આગેવાનો, ચુંટાયેલા સભ્યો સહિત અપેક્ષીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં સ્કૂલની બસમાંથી ઉતરવા જતા વિદ્યાર્થીનું પિલ્લર સાથે અથડાતા મોત

ગીરગઢડા,તા.૦૯

ગીરગઢડાના શાણાવાકિયા ગામે રહેતા ખુટ નરેશભાઈનો પુત્ર કર્મ ધો. ૪માં અભ્યાસ કરતો હોવાથી સવારે શાળામાં પરીક્ષા આપવા ઉના આવેલ હતો. પરીક્ષા પૂર્ણ કરીને ઉનાની સ્વામી વિવેકાનંદ સ્કૂલની બસમાં પોતાના ગામે જવા નીકળતા નાળીયેલી મોલી ગામે સ્કૂલ બસનો છેલ્લો સ્ટોપ હોવાથી બસ પાર્કિંગમાં રાખી હતી. ત્યાં કર્મ




ઉતરી રહ્યો હતો ત્યારે દરવાજો ખોલતા સીધો ત્યાં આવેલા પિલ્લર સાથે અથડાતા માથાના ભાગે ઈજા પહોંચતા ઈજાગ્રસ્ત હાલતમાં ઉનાની સરકારી હોસ્પિટલમાં પરિવારજનો લાવતાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો, આથી પરિવારમાં શોકનું મોજુ ફેલાયું હતું. ઘટનાની જાણ થતા હસમુખભાઈ રફાળીયા, નરેશભાઈ વઘાસીયા, ઘનશયામભાઈ દુધાત, નરેશભાઈ જાગાણી સહિતના હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. વિદ્યાર્થીના પરિવારને દિલાસો પાઠવી શોક વ્યક્ત કર્યો હતો. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી બસ ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સા.કુંડલાના શેલણા ગામે વિકાસ રથને ગ્રામજનોએ ઉમળકાભેર વધાવ્યો


અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી ૨૪ વર્ષના જનવિશ્વાસ, સેવા અને સમર્પણની ગાથા પહોંચી રહી છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના સાવરકુંડલાના શેલાણા ખાતે 'વિકાસ રથ'ને ગ્રામજનોએ ઉમળકાભેર વધાવ્યો હતો. ગામમાં રથનું આગમન થતા ભાતીગળ પરંપરાથી રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારી જીલ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનોની સુખાકારીમાં વધારો કરતા અંદાજિત રૂ. ૧૫૦.૯૮ લાખના ૭૫ વિકાસકાર્યોનું લોકાર્પણ અને રૂ. ૨૩૭ લાખના ૯૬ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં ગામના લાભાર્થીઓને આરોગ્ય વિભાગ, આઈસીડીએસ, શિક્ષણ વિભાગ, ખેતીવાડી, પીએમએવાય યોજનાના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકાના પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડિયા સહિતના હાજર રહ્યાં હતા.

# અમરેલીના નાના ભંડારીયા ગામે સિંહ પરિવારે ગાયનું મારણ કરતાં ખેડૂતોમાં ભય

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં હવે વન્યપ્રાણીઓના આંટાફેરા જાણે સામાન્ય બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. અમરેલી નજીક જ આવેલા નાના ભંડારીયા ગામે સિંહ પરિવારે એક ગાયનું મારણ કર્યું હોવાની ઘટના બનવા પામી છે. અમરેલીના



નાના ભંડારીયા ગામે ખેતીવાડી વિસ્તારમાં વિનુભાઈ મકાણીની વાડીમાં નાનુભાઈ ભરવાડની ગાય ફરજામાં બાંધી હતી ત્યારે અચાનક જ સિંહણ અને તેના ત્રણ બચ્ચા ત્યાં આવી પહોંચ્યા હતા અને ગાયનું મારણ કરી મિજબાની માણી હતી. આ બાબતે સરપંચ નરેશ ત્રાપસીયાને જાણ કરવામાં આવતા સરપંચે તાત્કાલિક વન વિભાગને જાણ કરતા વન વિભાગની ટીમ પણ દોડી આવી હતી.

**સરપંચે તાત્કાલિક વન વિભાગને જાણ કરી**

# તા.૧૧થી૧૭ ઓક્ટોબર સુધી સ્વાધ્યાય પરિવારના લાખો લોકો ભક્તિ ફેરી કરશે

**૧૯ ઓક્ટોબરે પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીનો જન્મદિન મનાવાશે**

અમરેલી, તા.૦૯

આગામી ૧૯ ઓક્ટોબરે મનુષ્ય માત્રને ગૌરવ અપાવનાર પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેનો જન્મદિવસ હોય ત્યારે આ ગૌરવ દિનની ઉજવણી કરવા માટે આગામી તારીખ ૧૧ થી ૧૭ ઓક્ટોબર સુધી વૈશ્વિક સ્વાધ્યાય પરિવારના લાખો લોકો ભક્તિ ફેરી કરશે. સ્વાધ્યાય કાર્યની ગંગોત્રી શ્રીમદ ભગવત ગીતા પાઠશાળાના શતાબ્દી વર્ષ તેમજ પૂજ્ય તાઈજી શતાબ્દી વર્ષ નિમિત્તે ભક્તિ ફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્ય દાદાજીના જન્મદિવસે સ્વાધ્યાય પરિવારના અક્ષરશઃ લાખો લોકો પોતાનો ટાઈમ, ટિફિન લઈને ગામેગામ અને પરદેશમાં પણ ભક્તિ ફેરી કરશે.

# કપડવંજ વિસ્તારમાં ફૂટપાથ પર સુઈ રહેલા શ્રમિકો પર જેસીબી ફરી વળતા બેના મોત

ખેડા,તા.૯

ખેડા જિલ્લાના કપડવંજ વિસ્તારમાં એવી હૃદયદ્રાવક ઘટના બની છે કે જેને સાંભળીને કોઈપણ વ્યક્તિ ચોંકી જાય. વહેલી સવારે એક અકસ્માતે બે શ્રમિકોના જીવ લઈ લીધા, જ્યારે ત્રીજો શ્રમિક ગંભીર રીતે ઘાયલ થયો છે. અંધારામાં થયેલો આ અકસ્માત માત્ર એક ક્ષણમાં બે પરિવારોનું ભવિષ્ય બદલી




ગયો. મળતી માહિતી મુજબ, કપડવંજના અમૂલ ચીલિંગ સેન્ટર પાસે આ ભયાનક અકસ્માત બન્યો હતો. ત્યાં ફૂટપાથ પર ત્રણ જેટલા શ્રમિકો સૂતા હતા. નજીકમાં એક જેસીબી ઊભું હતું. એ સમયે પાછળથી આવતા એક ડમ્પરે બેદરકારીપૂર્વક જેસીબીને જોરદાર ટક્કર મારી. ટક્કર એટલી તીવ્ર હતી કે જેસીબીનું સંતુલન બગડી ગયું અને તે ફૂટપાથ પર સૂતેલા શ્રમિકો પર ફરી વળ્યું. અચાનક થયેલી આ ઘટનાથી ત્રાસ ફેલાઈ ગયો હતો. આ અકસ્માતમાં ત્રણેય શ્રમિકોને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાંથી બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે ત્રીજો શ્રમિક ગંભીર રીતે ઘાયલ થયો છે અને હાલમાં તેની સારવાર ચાલી રહી છે. અકસ્માત બાદ જેસીબી અને ડમ્પર બંનેના ડ્રાઈવર પોતાના વાહનો ત્યાં જ છોડી ફરાર થઈ ગયા હતા. સ્થાનિક લોકોએ તરત જ પોલીસને જાણ કરી હતી.

# લીલીયાના સનાળીયામાં નવનિર્મિત શિવ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

લીલીયા,તા.૦૯

લીલીયા તાલુકાના સનાળીયા ગામે નવનિર્મિત શિવ મંદિરનો ત્રિ-દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ૧૩/૧૦થી તારીખ ૧૫/૧૦/૨૦૨૫ સુધી યોજાશે. આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અને લઘુરુદ્ર યજ્ઞ માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગામના યુવાનો, બાળકો, વડીલો, અબાલ વૃધ્ધ સહિત સૌ કોઈ આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ પોતાના ઘરનો પ્રસંગ હોય તેમ સમજીને કરી રહ્યા છે. પ્રથમ દિવસે હેમાજળી, ગણપતિપૂજન, પંચાગકમ, મંડપ પ્રવેશ, સ્થાપિત દેવની પૂજા, અગ્નિ પૂજા, આરતી, સાંજે ૬/કલાકે ભોજન પ્રસાદ, સનાળીયા ધૂન ભજન મંડળ દ્વારા રાત્રીના ભજન-સંધ્યા થશે. બીજા દિવસે સવારના ૮/કલાકે પ્રારંભ પ્રાતપૂજન, જલયાત્રા, નગરયાત્રા, પ્રસાદ વાસ્તુ, ૧૫૧ કુલડી માટીની, ધૂત ધિવાશ (ઘી), જલાધિવાશ (જલ), ધાન્યધિવાશ (ધઉ), સાયંપૂજા, આરતી, સાંજના ૬/કલાકે ભોજન પ્રસાદ, તેમ જ ભાતિગળ લોકડાયરો કિશન રાદડિયા, નિરાગ કાછડીયા ધૂન, ભજન, રાસગરબા, હાસ્ય રસ વિગેરે પીરસી લોકોને મંત્રમુગ્ધ કરશે, ત્રીજા દિવસે સવારે ૮/ કલાકે પ્રાતપૂજન, મૂર્તિન્યાસ, શિખર પ્રતિષ્ઠા, સ્થિરહોમ, પોષ્ટિકહોમ, ઉત્તરપૂજન, ભોજન પ્રસાદ, તેમજ રાસ ગરબાનું આયોજન કરાયું છે. આ મહોત્સવનું આયોજન સમસ્ત સનાળિયા ગામના લોકો દ્વારા દાન એકત્ર કરીને થઈ રહ્યું છે, એવું ગામના યુવા અગ્રણી સંસ્કાર સોજીત્રાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# જામનગરમાં GSTની તપાસ : ૧૦૦ કરોડના ફેક ITCની આશંકા

જામનગર,તા.૯

જીએસટી વિભાગ દ્વારા જામનગરમાં શરૂ કરાયેલી દરોડાની કાર્યવાહી ગુરૂવારે સતત છઠ્ઠા દિવસે પણ ચાલુ રહી હતી. અમદાવાદની જીએસટી ટીમે અત્યાર સુધીમાં અંદાજે ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના શંકાસ્પદ વ્યવહારોની તપાસ કરી છે. તપાસ અધિકારીઓએ આશંકા વ્યક્ત કરી છે કે, આ વ્યવહારોના આધારે આશરે ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) ક્લેમ કરવામાં આવ્યા હોઈ શકે છે. આ કૌભાંડની ગંભીરતાને કારણે જીએસટીના ઉચ્ચ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. વિભાગ દ્વારા વિવિધ પેઢીઓ અને તેમાં સંકળાયેલા વ્યક્તિઓ સામે તપાસ ચાલુ છે. આ કાર્યવાહીના ભાગરૂપે, તાજેતરમાં અંદાજે ૫ કરોડ રૂપિયાથી વધુની ઈનપુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવામાં આવી છે અને ૧ કરોડ રૂપિયાથી વધુની બેંક બેલેન્સ સીઝ કરવામાં આવી છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર ગણાતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) અલ્કેશ પેઢડિયા હજી સુધી જીએસટી ટીમથી દૂર છે. વિભાગે તેમને સમન્સ નોટિસ ફટકારીને તાત્કાલિક તપાસમાં સહકાર આપવાનો આદેશ આપ્યો છે. આ મેગા ઓપરેશનને કારણે શહેરની અનેક પેઢીઓ અને વેપારીઓમાં ચકચાર મચી ગઈ છે. જીએસટી ટીમ દ્વારા આગામી દિવસોમાં વધુ મહત્વની પેઢીઓ પર પણ કાર્યવાહી થવાની શક્યતા છે. આ કૌભાંડમાં મોટા માથાઓની ધરપકડના ભણકારા પણ વાગી રહ્યા છે.

# બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ફરી ધમધમશે : ૭૦૦ કામદારોને રૂ.૫.૬૦ કરોડનું ચુકવણું

કોડીનાર,તા.૦૯

કોડીનાર પંથકની જીવાદોરી ગણાતા અને છેલ્લા ૧૦ વર્ષથી બંધ પડેલ શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગને ન્યૂ દિલ્હી સ્થિત ઈન્ડિયન પોટાશ લિ. (IPL) દ્વારા ૩૦ વર્ષના ભાડાપટ્ટે લઈને પુનઃ શરૂ કરવાની દિશામાં નક્કર પગલા ભરવામાં આવ્યા છે. તેના ભાગરૂપે, સંસ્થાએ સૌપ્રથમ અગ્રતાના ધોરણે ૭૦૦થી વધુ કર્મચારીઓની લાંબા સમયથી બાકી રહેલી રૂ.૫ કરોડ ૬૦ લાખની રકમનું ચુકવણું કરતાં કર્મચારીઓ અને ખેડૂત પરિવારોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે, જે તેમના માટે દિવાળીની મોટી ભેટ સમાન બની છે. વિશેષ કાર્યક્રમમાં જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી,



તસવીર : કુલદીપ પાઠક

ધારાસભ્ય પ્રદ્યુમન વાંઝા, સંસ્થાના ચેરમેન પી.એસ. ડોડીયા અને IPLના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર નીરજ શર્મા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ બાકી રકમનું ચુકવણું કરવામાં આવ્યું હતું. કંપની દ્વારા માત્ર બાકી પગાર જ નહીં, પરંતુ જૂના નિવૃત્ત થયેલા કર્મચારીઓની ગ્રેચ્યુઈટી અને જમા રકમના રૂ.૧ કરોડ ૧૦ લાખ અને નગરપાલિકાના બાકી વેરા પેટે રૂ.૫૦ લાખની ચૂકવણી પણ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી છે, તેમજ ખેડૂતોના બાકી દેવા પણ ચૂકવવામાં આવ્યા છે. હાલમાં માત્ર લે-ઓફના વિવાદમાં ચાલી રહેલી કોર્ટ મેટર પૂરતા રૂ.૧ કરોડ ૮૦ લાખનું ચુકવણું બાકી છે.

**નવેમ્બર મહિના સુધીમાં પિલાણ સિઝન શરૂ કરવાનો ટાર્ગેટ**

IPL યુનિટના હેડ યશ સોલંકીએ ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવાના લક્ષ્યાંક અંગે સ્પષ્ટતા કરી હતી કે, તમામ તૈયારીઓ નવેમ્બર મહિના સુધીમાં પૂર્ણ કરીને નવેમ્બર મહિનાના અંત સુધીમાં પિલાણ સિઝન શરૂ કરી દેવાનું લક્ષ્ય છે. તેમણે ઉમેર્યું હતું કે, સંસ્થામાં કામ કરવા ઉત્સુક અને સક્ષમ એવા અનુભવી કર્મચારીઓને અગ્રતા આપી ફરીથી લેવામાં આવશે. બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ફરી શરૂ થવાથી આ પંથકના ખેડૂતોને તેમના શેરડીના પાક માટે મોટું બજાર મળશે અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકોનું સર્જન થશે.

# બોટાદમાં ઘરેથી કહ્યા વિના નીકળેલી ૧૯ વર્ષની દીકરીનું પોલીસ દ્વારા પરિવાર સાથે પુનઃ સ્થાપન

બોટાદ,તા.૦૯

બોટાદમાં મહિલા પોલીસ સ્ટેશન સંલગ્ન પોલીસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર કાર્યરત છે. તાજેતરમાં જ બનેલી એક ઘટનામાં મહિલા સહાયતા કેન્દ્રના હસ્તક્ષેપથી એક ૧૯ વર્ષની પિતા વગરની દીકરીનું વાટાઘાટો થકી પરિવાર સાથે સુખદ મિલન શક્ય બન્યું હતું. બોટાદ શહેરની આ દીકરી કોઈપણ પ્રકારની જાણ કર્યા



વગર ઘરેથી નીકળીને પોલીસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર ખાતે આવી હતી. તેના બન્ને કાકા અને માતા તરફથી તેની સગાઈ કરવા માટે દબાણ કરવામાં આવતું હોય તેવું નિવેદનમાં જણાવેલ હતું, જેથી આ પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવા તે મોકો જોઈને ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારબાદ બંને પક્ષને સાથે રાખી અધિકારી એન.જી. પરમારના માર્ગદર્શનમાં દીકરીને લગ્ન કરવા અંગે કોઈપણ પ્રકારનું દબાણ ન કરવા પરિવારને કડકાઈથી તાકીદ કરી ફેમિલીનું કાઉન્સેલિંગ કર્યું હતું. આ તકે સહુ પરિવારે સમસ્યાના સુખદ સમાધાન માટે મહિલા સહાયતા કેન્દ્ર અને મહિલા હેલ્પ ડેસ્કનો આભાર પ્રકટ કરેલ હતો.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા 'હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસ'પર ૧૩૧મો થર્સ-ડે થોટ કાર્યક્રમ યોજાયો

સુરત,તા.૦૯

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા તંદુરસ્તી સાથે આર્થિક આયોજન એ સુખી જીવનનો આધાર છે, તે અંગે જાગૃતિ અને દિશા આપવાના હેતુથી 'હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસ'ને કેન્દ્રમાં રાખીને જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૩૧મો થર્સ-ડે થોટ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, જીવન અનિશ્ચિતતાથી ભરેલું



હોવાથી સારું અને સુરક્ષિત જીવન જીવવા માટે આર્થિક આયોજન ખૂબ જરૂરી છે અને વીમો એ નાણાકીય નુકસાન સામે રક્ષણ આપતું ઉત્તમ સાધન છે. વિમા ક્ષેત્રના તજજ્ઞ અને ઈફકો ટોકિયો જનરલ ઈન્સ્યુરન્સ કંપનીના ગુજરાત રીજીયન હેડ મિલન સંઘવીએ 'વીમો શા માટે?' વિષય સમજાવતા જણાવ્યું હતું કે, વીમો આપણને અનિશ્ચિતતાથી બચાવી શકે છે અને સામાન્ય વીમો એ આપણી અર્થવ્યવસ્થાનું મજબૂત પાસું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, માણસે આવકમાંથી બચત અને વીમાનું પ્રીમિયમ બાદ કરીને પછી વધેલી આવકનો ખર્ચ કરવો જોઈએ. આ પ્રસંગે યુવા ઉદ્યોગસાહસિક ડૉ. ગૌતમ સિંહોરા કે જેઓ પોતાની કંપની સિંહોરા ઈન્ડસ્ટ્રીઝનો આઈ.પી.ઓ. લાવી રહ્યા છે, તેમનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું.

# એમ.પી.માં ૨૩ બાળકોના મોત બાદ સિરપ બનાવતી કંપનીના ડિરેક્ટરની ધરપકડ

**શ્રીસન ફાર્માના માલિક એસ. રંગનાથનની બુધવારે રાત્રે ધરપકડ કરવામાં આવી**



ભોપાલ,તા.૦૯

મધ્યપ્રદેશમાં ૨૩ બાળકનાં મોતને ઘાટ ઉતારનાર કફ સિરપ બનાવતી કંપની શ્રીસન ફાર્માના ડિરેક્ટર જી. રંગનાથનની ધરપકડ કરવામાં આવી છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ તેમના વિશે માહિતી આપનારને ૨૦,૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. કોલ્ડરિફ નામની કફ સિરપથી માસૂમ બાળકોનાં મોતના કેસમાં મધ્યપ્રદેશ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. છિંદવાડાના એસપી અજય પાંડેએ ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું હતું કે શ્રીસન ફાર્માના માલિક એસ. રંગનાથનની બુધવારે રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. તેમને તામિલનાડુના ચેન્નઈની કોર્ટમાં હાજર કરવામાં આવશે. ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા પછી તેમને મધ્યપ્રદેશના છિંદવાડા લાવવામાં આવશે. છિંદવાડા પોલીસ દ્વારા એક મોટા ઓપરેશન બાદ તેમની ધરપકડ કરવામાં આવી છે, પોલીસની ટીમ આરોપીને કસ્ટડીમાં લેવા માટે ચેન્નઈ અને કાંચીપુરમ ગઈ હતી.

# રાજસ્થાનમાં રાજ્યપાલે બિલને મંજૂરી આપતા ગેરકાયદેસર ધર્માંતરણ પ્રતિબંધ કાયદો લાગુ

(એચ.એસ.એલ),જયપુર,તા.૯

રાજસ્થાનમાં બળજબરીથી અથવા લાલચ આપીને ધાર્મિક પરિવર્તન અટકાવવા માટે રજૂ કરાયેલા ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તન પ્રતિબંધ બિલ, ૨૦૨૫ ને રાજ્યપાલ હરિભાઉ બાગડેએ મંજૂરી આપી છે. વિરોધ પક્ષના હોબાળા વચ્ચે વિધાનસભાએ ૯ સપ્ટેમ્બરના રોજ તેને પસાર કર્યું. કાયદા વિભાગે એક સૂચના જારી કરીને બિલને કાયદામાં ફેરવી દીધું. ભજનલાલ સરકારનું આ પગલું રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવા અને બંધારણની કલમ ૨૫ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો દાવો કરે છે. ગૃહ રાજ્યમંત્રી જવાહર સિંહ બેઢમે જણાવ્યું હતું કે બંધારણ દરેક નાગરિકને પોતાનો ધર્મ પાળવાનો અધિકાર આપે છે, પરંતુ અન્યને નુકસાન પહોંચાડ્યા વિના. છેતરપિંડી, લાલચ અથવા બળજબરી દ્વારા ધર્માંતરણ અટકાવવા જરૂરી છે.



આ બિલ ફેબ્રુઆરી ૨૦૨૫ માં બજેટ સત્રમાં રજૂ કરવામાં આવ્યું હતું. વિપક્ષે, ખાસ કરીને કોંગ્રેસે, હંગામો મચાવ્યો, પરંતુ તે ચર્ચા વિના પસાર થઈ ગયું. બેઢમે એક બાઈટમાં કહ્યું હતું કે વિપક્ષના નેતાનો પોતાનો જિલ્લો ધાર્મિક પરિવર્તનના કેસોમાં ઝઝૂમી રહ્યો છે, છતાં તેઓ દિલ્હીના ઈશારે વિરોધ કરી રહ્યા છે. આ રાજકારણ નથી, રાજ્યની જરૂરિયાત છે. આ કાયદો ઝારખંડ, કર્ણાટક, ગુજરાત અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં પહેલાથી જ અમલમાં છે. ૨૦૦૬-૦૮ માં રાજસ્થાનમાં સમાન પ્રયાસો નિષ્ફળ ગયા હતા.

## મહારાષ્ટ્રમાં મીની જેટ વિમાન રનવે પરથી લપસી ગયું, ઉદ્યોગપતિના પરિવારનો બચાવ

કાનપુર,તા.૯

ફરુખાબાદ જિલ્લાના ખિમસેપુર ઔદ્યોગિક વિસ્તારમાં ગુરુવારે એક મોટી હવાઈ દુર્ઘટના ટળી ગઈ. ઉડતી વખતે એક મીની જેટ વિમાન રનવે પરથી લપસી ગયું અને ઝાડીઓમાં ઉતર્યું. આ મીની જેટ વિમાન એક ઉદ્યોગપતિના પરિવારને ખિમસેપુર લઈ જઈ રહ્યું હતું. વિમાન રનવે પર ગતિ પકડી રહ્યું હતું, ત્યારે નિયંત્રણ બહાર સરકી ગયું અને સીમા દિવાલ સાથે અથડાયું. ઉદ્યોગપતિ અને તેમનો પરિવાર અકસ્માતમાંથી બચી ગયા, મોટી દુર્ઘટના ટળી ગઈ. ઘટનાની માહિતી મળતાં, સ્થાનિક વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયું અને તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ખિમસેપુર ઔદ્યોગિક વિસ્તારમાં બની રહેલી બીયર ફેક્ટરીના ડીએમડી અજય અરોરા, એસબીઆઈના વડા સુમિત શર્મા અને બીપીઓ રાકેશ ટીકુ, રાજ્ય સંચાલિત હવાઈ પટ્ટી પર ફેક્ટરીના બાંધકામ કાર્યનું નિરીક્ષણ કરવા માટે પહોંચ્યા હતા.

## બિહારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભ્રામક એઆઈ-આધારિત સામગ્રીનો ઉપયોગ ટાળવા માટે ચૂંટણી પંચની કડક સૂચના

(એચ.એસ.એલ),પટણા,તા.૯

બિહાર વિધાનસભા ચૂંટણીની જાહેરાત સાથે, આદર્શ આચારસંહિતા પણ અમલમાં આવી છે. દરમિયાન, ચૂંટણી પંચે રાજકીય પક્ષો અને ઉમેદવારોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)-આધારિત સામગ્રીનો દુરુપયોગ ટાળવા માટે આદર્શ આચારસંહિતા હેઠળ કડક સૂચનાઓ જારી કરી છે. તેણે AI-જનરેટેડ સામગ્રી માટે માર્ગદર્શિકા પણ જારી કરી છે. જારી કરાયેલા એક નિવેદનમાં, કમિશને જણાવ્યું હતું કે આદર્શ આચારસંહિતાની જોગવાઈઓ ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલી તમામ પ્રચાર સામગ્રી પર લાગુ પડે છે.




કમિશને સ્પષ્ટ કર્યું હતું કે અન્ય પક્ષો અથવા ઉમેદવારોની ટીકા તેમના નીતિગત વલણ, કાર્યક્રમો, ક્રિયાઓ અને ભૂતકાળના રેકોર્ડ સુધી મર્યાદિત હોવી જોઈએ. આ વિકૃત ન થવી જોઈએ. કમિશને જણાવ્યું હતું કે, "અન્ય પક્ષો અથવા તેમના કાર્યકરોની ટીકા વણચકાસાયેલ આરોપો અથવા વિકૃત તથ્યો પર આધારિત ન હોવી જોઈએ." ચૂંટણી પંચે તમામ પક્ષોને ચેતવણી આપી હતી.

## કર્ણાટકમાં સરકારી કાર્યક્રમમાં કુરાન વાંચવા પર વિવાદ, ભાજપના ધારાસભ્યએ વિરોધ કર્યો

હુબલી,તા.૯

કર્ણાટકના હુબલીમાં એક સરકારી કાર્યક્રમ દરમિયાન કુરાનના વાંચન પર ભાજપના ધારાસભ્યએ વાંધો ઉઠાવ્યો છે. ભાજપના નેતા અરવિંદ બેલાડે આ કાર્યક્રમને કોંગ્રેસ પાર્ટીનો શો અને કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યો હતો. અધિકારીઓ પર સરકારી પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવાનો અને પાર્ટીના કાર્યકરો જેવું વર્તન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કર્ણાટકના હુબલીમાં ૫ ઓક્ટોબરે આયોજિત સરકારી કાર્યક્રમ દરમિયાન કુરાનનું પઠન થવાથી ભારે હોબાળો મચી ગયો છે. ભાજપના એક ધારાસભ્યએ આનો વિરોધ કર્યો છે અને તેને સરકારી પ્લેટફોર્મનો દુરુપયોગ ગણાવ્યો છે. ભાજપના ધારાસભ્ય અને વિરોધ પક્ષના નાયબ નેતા અરવિંદ બેલાડે આ કાર્યક્રમની રીતની ટીકા કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસના નેતાઓ અને અધિકારીઓએ આ કાર્યક્રમને પાર્ટી શોમાં ફેરવી દીધો.

# એમ.પી.માં કફ સિરપથી બાળકોના મૃત્યુ અંગે થયેલી જાહેરહિતની અરજી પર સુપ્રીમમાં આજે સુનવણી

(એચ.એસ.એલ),ભોપાલ,તા.૯

સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપના સેવનથી બાળકોના મૃત્યુ અંગે દાખલ કરાયેલી પીઆઈએલ પર સુનાવણી કરવા સંમતિ આપી છે. કોર્ટે શુક્રવારે અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે, જેમાં ડ્રગ સેફ્ટી સિસ્ટમમાં તપાસ અને પ્રણાલીગત સુધારાની માંગ કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ બી.આર.




ગવઈ, ન્યાયાધીશ ઉજ્જવલ ભુયાન અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે એડવોકેટ અને અરજદાર વિશાલ તિવારીની દલીલોને ધ્યાનમાં લેતા જણાવ્યું હતું કે આ મામલો ગંભીર છે અને તાત્કાલિક સુનાવણીની જરૂર છે. આ અરજીમાં આ ઘટનાઓની કોર્ટ-નિરીક્ષણ હેઠળ તપાસ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની આગેવાની હેઠળ રાષ્ટ્રીય ન્યાયિક કમિશન અથવા નિષ્ણાત સમિતિની રચના કરવાની વિનંતી કરવામાં આવી છે. વધુમાં, અરજીમાં ઝેરી કફ સિરપથી બાળકોના મૃત્યુ સંબંધિત તમામ એફઆઈઆર અને તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવાની માંગ કરવામાં આવી છે, જેથી દેશભરમાં એકસમાન અને નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત થાય. અરજદારનો દાવો છે કે વિવિધ રાજ્યોમાં કરવામાં આવતી તપાસ જવાબદારીને વિભાજિત કરે છે, જેના કારણે વારંવાર ઘટનાઓ બને છે અને બજારમાં ખતરનાક દવાઓનો પ્રવાહ સતત ચાલુ રહે છે.

# ઓપરેશન સિંદૂર પછી જૈશ-એ-મોહમ્મદ હવે મહિલા બ્રિગેડ બનાવી રહ્યું હોવાનો ખુલાસો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓની હત્યા પછી ભારતના ઓપરેશન સિંદૂર પછી, પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓની કમર તોડી નાખવામાં આવી હતી, તે જ આતંકવાદી સંગઠનો હવે નવી રણનીતિઓનો આશરો લઈ રહ્યા છે. જૈશ-એ-મોહમ્મદ હવે ×જમાત અલ-મુમિનત× નામની એક ખાસ




મહિલા બ્રિગેડ બનાવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જૂથ ૨૦૨૪ થી સક્રિય છે અને તેનો ઉદ્દેશ્ય મહિલાઓનું બ્રેઈન વોશ કરવાનો અને તેને તેના નેટવર્કમાં ભરતી કરવાનો છે. આ બ્રિગેડ જૈશની મહિલા પાંખ તરીકે બનાવવામાં આવી છે, જે મનોવૈજ્ઞાનિક યુદ્ધ, પ્રચાર અને જમીની સ્તરની ભરતી કરે છે. જમાત અલ-મુમિનત જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પ્રદેશ અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં ઓનલાઈન નેટવર્ક દ્વારા સક્રિય છે. આ જૂથની પ્રવૃત્તિઓ સોશિયલ મીડિયા, વોટ્સએપ ગ્રુપ અને કેટલાક મદરેસાના નેટવર્ક દ્વારા ફેલાઈ રહી છે. તેનો ઉદ્દેશ ધર્મના નામે મહિલાઓને ફસાવવાનો અને સંગઠન માટે તેમનો ઉપયોગ કરવાનો છે.

## બરેલી રમખાણ: મૌલાના તૌકીરના ઘર પર વસૂલાત નોટિસ ચોંટાડવામાં આવશે

બરેલી,તા.૯

બરેલીમાં રમખાણો ભડકાવવાના આરોપી મૌલાના તૌકીર રઝાની મુશ્કેલીઓ વધુ વધી શકે છે. આ કેસ વાણી-વર્તન કે આંદોલનનો નથી, પરંતુ ત્રણ દાયકા જૂની સહકારી બેંક લોનનો છે, જે વ્યાજ સહિત હવે ૨૮,૩૮૬ રૂપિયાને વટાવી ગઈ છે. હકીકતમાં, મૂળ બદાયૂં જિલ્લાના કરતૌલી ગામના રહેવાસી તૌકીર રઝાએ ૧૯૯૦ માં કરતૌલી સહકારી મંડળી પાસેથી પાંચ હજાર રૂપિયાનું ખાતર ખરીદ્યું હતું. મૌલાનાએ ન તો મુદ્દલ જમા કરાવ્યું હતું કે ન તો વ્યાજ ચૂકવ્યું હતું. હવે, બેંકે વ્યાજ વસૂલવા માટે કાર્યવાહી શરૂ કરી છે. ૧૯૯૦ માં, મૌલાના તૌકીર રઝાએ ૫,૫૬૦ રૂપિયાની




કૃષિ લોન માટે રસુલપુર ફુટ્ટી સહકારી મંડળી પાસેથી ખાતર અને બીજ ખરીદ્યા હતા.

## ઈઝરાયલ અને હમાસ ગાઝામાં શાંતિ યોજના પર સંમત: ટ્રમ્પ


(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૯

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાનો સતત પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પના પ્રયાસો હવે સફળ થતા દેખાય છે. ટ્રમ્પે એક મોટી જાહેરાત કરતા કહ્યું કે ઈઝરાયલ અને હમાસ યુએસ-દલાલી શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર સંમત થયા છે. યુએસ પ્રમુખે જાહેરાત કરી કે ઈઝરાયલ અને હમાસે શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પે તેને ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવા માટે એક ઐતિહાસિક અને અભૂતપૂર્વ પગલું ગણાવ્યું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે તમામ પક્ષો સાથે ન્યાયી વર્તન કરવામાં આવશે અને મધ્યસ્થી પ્રયાસો માટે કતાર, ઈજિપ્ત અને તુર્કીનો આભાર માન્યો. તેમણે કહ્યું, ×આ આરબ અને મુસ્લિમ વિશ્વ, ઈઝરાયલ, આસપાસના બધા દેશો અને યુનાઈટેડ સ્ટેટ્સ માટે એક મહાન દિવસ છે.

## દેશના અનેક રાજ્યોમાં ઠંડી તો અન્ય રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯

પહાડી રાજ્યોમાં બરફવર્ષા અને વરસાદને કારણે દિલ્હી-એનસીઆર સહિત દેશના અનેક રાજ્યોમાં ઠંડીનો પ્રકોપ જોવા મળ્યો છે. દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં સવારે અને સાંજે હળવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. દિલ્હી-એનસીઆરમાં ઘણા લોકો રાત્રે પંખા, કુલર અને એસી ટાળી



રહ્યા છે. લોકો હળવા ધાબળાનો પણ આશરો લઈ રહ્યા છે. દરમિયાન, દેશના ઘણા રાજ્યોમાં ભારે વરસાદ પણ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તમિલનાડુ, આંતરિક કર્ણાટક, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને માહેના ઘણા વિસ્તારોમાં ૧૦થી ૧૩ ઓક્ટોબર દરમિયાન વરસાદ પડવાની સંભાવના છે. તેલંગાણામાં ભારે પવન ફૂંકાશે. ઓડિશામાં ૧૦ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન વરસાદ પડવાની સંભાવના છે.

# હરિયાણામાં આઈપીએસના આપઘાત બાદ મળેલી સુસાઈડ નોટમાં અનેક વરિષ્ઠ અધિકારીઓના નામ

ચંદીગઢ,તા.૯

હરિયાણાના વરિષ્ઠ પોલીસ અધિકારી વાય. પૂરણ કુમારે તેમના ચંદીગઢ નિવાસસ્થાને ગોળી મારીને આત્મહત્યા કરી તેના કારણો જાણવા માટે તપાસ ચાલી રહી છે. આ દરમિયાન, પૂરણ કુમાર દ્વારા લખાયેલી ૮ પાનાની સુસાઈડ નોટ સામે આવી છે. આઈપીએસ અધિકારીની સુસાઈડ નોટમાં ઘણા રહસ્યો ખુલ્યા છે. તેમાં, તેમણે ડીજીપી, એડીજીપી અને એસપી



રેન્કના ૧૦ અધિકારીઓને તેમની આત્મહત્યા માટે જવાબદાર ઠેરવ્યા છે. સુસાઈડ નોટમાં, પૂરણ કુમારે ડીજીપી શત્રુજીત કપૂર અને ભૂતપૂર્વ ડીજીપી મનોજ યાદવ પર ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે. વધુમાં, આઈપીએસ સંદીપ ખિરવાર, કાલા રામચંદ્રન અને અમિતાભ ઢિલ્લોન પર પણ ઉત્પીડનનો આરોપ છે. સુસાઈડ નોટમાં આઈપીએસ સંજય કુમાર અને પંકજ નૈનનો પણ ઉલ્લેખ છે. ભૂતપૂર્વ ડીજીપી પીકે અગ્રવાલ અને આઈપીએસ શિબાસ કવિરાજ, ભૂતપૂર્વ મુખ્ય સચિવ ટીવીએસએન પ્રસાદને પણ જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. પોતાની આઠ પાનાની ટાઈપ કરેલી અને સહી કરેલી સુસાઈડ નોટમાં, પૂરણ કુમારે તેમની કારકિર્દી દરમિયાન સામનો કરેલી વિવિધ સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છે. ઘણા પરિબળોએ તેમને આ આત્યંતિક પગલું ભરવા માટે પ્રેરિત કર્યા હોઈ શકે છે. આઈપીએસ અધિકારીએ જણાવ્યું હતું કે તેમને ચોક્કસ અધિકારીઓ દ્વારા માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો.

# અફઘાનના કાર્યકારી વિદેશમંત્રી પહેલીવાર ભારત પહોંચ્યા

**આજે વિદેશમંત્રી એસ. જયશંકરને મળે તેવી સંભાવના**

ન્યુ દિલ્હી,તા.૦૯

અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકી ગુરુવારે એક અઠવાડિયાની મુલાકાત માટે નવી દિલ્હી પહોંચ્યા છે. ઓગસ્ટ



૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર આવ્યા પછી કાબુલથી નવી દિલ્હીની આ પહેલી મંત્રી સ્તરની મુલાકાત છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે X પર પોસ્ટ કર્યું- અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકીનું નવી દિલ્હી આગમન પર ઉષ્માભર્યું સ્વાગત છે. અમે તેમની સાથે દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરવા આતુર છીએ. ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ મુજબ, મુત્તાકીની મુલાકાતે ભારતીય વિદેશ મંત્રાલય માટે રાજદ્વારી સમસ્યા ઊભી કરી છે. મુત્તાકી શુક્રવારે વિદેશ મંત્રી જયશંકર સાથે મુલાકાત કરે તેવી શક્યતા છે.

# રાજ્યના ગૃહ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓએ ભ્રષ્ટાચાર મામલે અન્ય તમામ સરકારી વિભાગોને પાછળ છોડ્યા

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં ભ્રષ્ટાચારને લગતી ફરિયાદોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સામાન્ય લોકોમાં એવી છાપ ઘર કરી ગઈ છે કે સરકારી ઓફિસમાં નાણાં વગર કામ થતું નથી. રાજ્યમાં ભ્રષ્ટાચારનું આ સ્તર એટલું વ્યાપક બન્યું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સમક્ષ ૬૫૩ અધિકારીઓ કે કર્મચારીઓ સામે ૫૮૩ ફરિયાદો નોંધાઈ છે. આ આંકડાઓ સરકારી તંત્રમાં વ્યાપેલા ભ્રષ્ટાચારની ગંભીરતા દર્શાવે છે. આ ભ્રષ્ટાચારની પકડમાં આવેલા સરકારી વિભાગોમાં ગૃહ વિભાગ અન્ય તમામ વિભાગોને પાછળ છોડીને ટોચ પર છે. આંકડાઓ મુજબ,




છેલ્લા ત્રણ વર્ષ (મે ૨૦૨૫ સુધી) દરમિયાન કુલ ૬૫૩ અધિકારી-કર્મચારીઓ સામે ફરિયાદ થઈ તેમાંથી એકલા ગૃહ વિભાગના જ ૨૯૨ અધિકારી-કર્મચારીઓ છે, જે કુલ અધિકારીઓના આશરે ૪૫ ટકા જેટલા થાય છે. કુલ ૫૮૩ ફરિયાદોમાંથી ૪૧ ટકા ફરિયાદો એકલા ગૃહ વિભાગ સામે નોંધાઈ છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે પોલીસ તંત્ર અને અન્ય આનુષંગિક સેવાઓ સાથે જોડાયેલા ગૃહ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ભ્રષ્ટાચારના મામલે સૌથી વધુ પાવરધા સાબિત થયા છે. રાજ્યના ગૃહ વિભાગના જણાવ્યા મુજબ, પકડાયેલા તમામ આરોપીઓ સામે સમયસર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવી છે. આ ઉપરાંત, તમામ આરોપીઓ વિરુદ્ધ ખાતાકીય પગલાં ભરવા માટે જે તે વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

# સુરતમાં સાળી સાથે લગ્નની લાલચમાં પતિએ પત્નીના ભાઈ-બહેન કરી હત્યા

સુરત,તા.૯

ઉધના વિસ્તારમાં ગઈકાલે બનેલી ડબલ મર્ડરની એક ઘટના હાલ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી રહી છે. ઉધના પટેલનગર વિસ્તારમાં આવેલ સાઈ જલારામ સોસાયટીમાં ગઈકાલે બુધવારે રાતના ૧૦ વાગ્યાની આસપાસ એક સંદીપ ગોડ નામના વ્યક્તિએ સાળી સાથે લગ્નની લાલચમાં પોતાના સાળા અને સાળી પર ચપ્પુ




વડે ઘાતક હુમલો કરી બંનેની નિર્દયતાપૂર્વક હત્યા કરી નાખી છે. સુરત શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મળતી માહિતી મુજબ, મૃતકની ઓળખ ૩૦ વર્ષીય નિશ્ચય અશોકભાઈ કશ્યપ અને તેની બહેન મમતા કશ્યપ તરીકે થઈ છે. જેઓ પોતાની માતા સાથે સુરત શોપિંગ કરવા માટે આવ્યા હતા, જે દરમિયાન આ લોહિયાળ ખેલ ખેલાયો હતો. ઘટના બાદ પોલીસ કંટ્રોલ રૂમને કોલ મળ્યો કે, ઉધના પટેલનગર વિસ્તારમાં ડબલ મર્ડરની ઘટના બની છે. ત્યારે પોલીસ જોઈન્ટ પોલીસ કમિશનર, ડી.સી.પી. અને પી.આઈ. સહિતનો કાફલો તરત જ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

# નિયમોના ઉલ્લંઘન બદલ અમદાવાદની ૪ શાળાઓને પાંચ લાખનો દંડ

અમદાવાદ,તા.૦૯





અમદાવાદમાં શાળાઓની મનમાની સામે ફી રેગ્યુલેટરી કમિટીએ કડક કાર્યવાહી કરી છે. અમદાવાદ ઝોનની ફી રેગ્યુલેટરી કમિટીએ અત્યાર સુધીનો સૌથી વધુ દંડ ફટકાર્યો છે. અમદાવાદ ઝોનની FRCએ ૪ શાળાઓને નિયમોનું પાલન ન કરવા બદલ ૫-૫ લાખનો દંડ ફટકાર્યો છે. ચારેય શાળાઓ FRCની મંજૂરી વગર બેફામ ફી વસૂલતી હોવાની ફી રેગ્યુલેટરી કમિટીને માહિતી મળી હતી. જે બાદ ચારેય શાળાઓને નોટિસ આપી સુનાવણી માટે બોલાવવામાં આવ્યા હતા. જે બાદ FRCના નિયમોનું પાલન ન થતું હોવાનું નોંધી ફી રેગ્યુલેટરી કમિટીએ વેદાંત ઈન્ટરનેશન સ્કૂલ, જેમ્સ જેનીસીસ, શિવ આશિષ અને તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલને ૫-૫ લાખનો દંડ ફટકાર્યો છે.

# બહિયલ ગામમાં નવરાત્રિમાં પથ્થરમારા બાદ તંત્રએ ગેરકાયદેસર બાંધકામો પર ડિમોલિશન કર્યું

ગાંધીનગર,તા.૯

નવરાત્રિના બીજા નોરતાની રાતે બહિયલ ગામમાં બે જૂથો વચ્ચે મારામારી, વાહનો તથા દુકાનોમાં તોડફોડ - આગચંપી અને પથ્થરમારાની ઘટના ઘટી હતી. આ સાથે ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. જે બાદ ગાંધીનગર પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ગુરૂવારે વહેલી સવારથી જ બહિયલ ગામમાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. બહિયલ ગામના બજારોમાં આવેલા ગેરકાયદેસર બાંધકામો પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના



એસપી, રવિ તેજા વાસમ શેટ્ટી સહિત ત્યાં એક હજારથી વધુ પોલીસ અને અન્ય અધિકારીઓનો કાફલો તૈનાત હતો. બહિયલ ગામમાં તંત્રએ કડક કાર્યવાહી કરતા પ્રથમ તબક્કામાં મેગા ડિમોલિશન હાથ ધર્યું છે. ૧૮૬ જેટલા એકમો પર દાદાનું બુલડોઝર ફેરવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બહિયલ ગામના બજારના ગેરકાયદે બાંધકામોમાં બુલડોઝર ફેરવીને કડક સંદેશો આપવામાં આવી રહ્યો છે. ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગુરૂવારે સવારથી બહિયલ ગામના ૧૮૬ જેટલા ગેરકાયદે બાંધકામ તોડવામાં આવી રહ્યા છે જેમાંથી ૫૦ બાંધકામ આરોપીઓના છે. અગાઉ તમામ ગેરકાયદેસર બાંધકામોને આરએન્ડબી સ્ટેટ દ્વારા નોટિસ આપવામાં આવી હતી.

# રાજકોટમાં વેપારી સાથે રૂા. ૩૨ લાખની લૂંટ, ૪ ઝડપાયા

રાજકોટ,તા.૦૯

રાજકોટમાં TRB જવાને પોલીસની ખોટી ઓળખ આપી ૩ શખ્સો સાથે મળી અપહરણ અને લૂંટની ઘટનાને અંજામ આપ્યો છે. કમિશનનો ધંધો કરતા ફરિયાદી સમીર રશ્મિકાન્તભાઈ પંડ્યા (ઉ.વ.૫૦) પોતાના રૂ.૩૨ લાખ લઈ જતા હતા ત્યારે TRB જવાન શાહબાઝ મોટાણી તથા અન્ય ત્રણ શખ્સોએ પોલીસની ખોટી ઓળખ આપી ફરિયાદીનો કાંઠલો પકડી માર મારી અપહરણ કર્યું હતું. અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ ગાળો આપી બાદમાં ગેરકાયદેસર અટકાયત કરી ફરિયાદી પાસેથી રૂ.૩૨ લાખની રકમ ભરેલો થેલો ઝુંટવી લૂંટ ચલાવી હતી. આ મામલે પ્રદ્યુમનનગર પોલીસે TRB જવાન શાહબાઝ મોટાણી, દાનીશ શેખ, અતીસ સુમરા અને મહેશ વાઘેલાની ધરપકડ કરી છે.

# ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ૧૪મી તારીખે વડોદરા ખાતે પહેલો રોડ શો કરશે

અમદાવાદ,તા.૯

જગદીશ વિશ્વકર્માની ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગી થયા બાદ, તેમણે સુરત, વડોદરા અને રાજકોટ સહિત અનેક શહેરોની મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. ૧૪મી તારીખે તેઓ સી.આર. પાટીલની જેમ વડોદરામાં પણ રોડ શો કરશે, જેમાં ટુ-વ્હીલર પર ૨૦૦૦ કાર્યકરો ભાગ લેશે. બે રોડમેપ તૈયાર કરવામાં આવ્યા છે.

જગદીશ વિશ્વકર્માની ૫મી ઓક્ટોબરે ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ, તેમણે સુરત, વડોદરા અને રાજકોટ સહિત અનેક શહેરોમાં કાર્યકરો સાથે બેઠકોનું આયોજન કર્યું છે. ૧૦મી ઓક્ટોબરથી તેઓ રાજ્યભરના વિવિધ શહેરોનો પ્રવાસ કરશે.

# સુરત ભાજપ કાર્યાલયમાં મારામારી : એક કાર્યકરે ખજાનચીને લાફો માર્યાનો વીડિયો વાયરલ



સુરત,તા.૯

સુરત ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયમાં બે કાર્યકર્તાઓ વચ્ચે મારામારીની ઘટના બની છે. ભાજપના કાર્યકર્તા દિનેશ સાવલિયા કાર્યાલયમાં આવ્યા હતા ત્યારે ચા-નાસ્તા મુદ્દે પટાવાળા જોડે બબાલ થઈ હતી. ત્યારબાદ પટાવાળાએ ખજાનચી શૈલેષ જરીવાલાને આ અંગે જાણ કરી હતી. ત્યારબાદ ખજાનચી શૈલેષ અને દિનેશ સાવલિયા વચ્ચે વિવાદ શરૂ થયો હતો. ત્યારબાદ દિનેશ સાવલિયાએ શૈલેષ જરીવાલાને ફડાકો મારી દીધો હતો. મળતી માહિતી પ્રમાણે ભાજપ કાર્યકર્તા દિનેશ સાવલિયાએ ખજાનચી શૈલેષ જરીવાલાને જાહેરમાં ફડાકો માર્યો હતો. આ ઘટના બાદ કાર્યાલયમાં હાજર અન્ય લોકોએ વચ્ચે પડી મામલો શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. પ્રાપ્ત વિગત અનુસાર આ ઘટના ભાજપ કાર્યાલયમાં બીજા માળે આવેલા વેઈટિંગ રૂમમાં બની હતી. શૈલેષ જરીવાલાએ દિનેશ સાવલિયાને કહ્યું કે, હું ખજાનચી છું અને મારે બધુ જોવાનું છે, તારે અહીં વધારે આંટાફેરા કરવા નહીં. બંને વચ્ચે આ વાતચીત ત્યાં હાજર અન્ય કાર્યકર્તાઓ પણ જોઈ રહ્યા હતા.

# અમદાવાદની અસારવા સિવિલના પાર્કિંગમાં તલવારના ઘા ઝીંકી યુવકને રહેંસી નાખ્યો

અમદાવાદ,તા.૯

અમદાવાદના અસારવા સિવિલના પાર્કિંગમાં ખૂની ખેલ ખેલાયો છે. એક યુવકને ચાલીમાં કેમ આવ્યો છે કહીને રહેંસી નાખવામાં આવ્યો હતો. તલવારના ઘા ઝીંકી સુરેશ ભીલ નામના યુવકની હત્યા કરવામાં આવી હતી. ભાવેશ, મેહુલ અને કરણ નામના આરોપીએ હત્યા કરી હતી. શાહીબાગ પોલીસે હત્યારાઓને ઝડપવા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને તપાસના ચક્રો ગતિમાન કરી દીધા છે. પોલીસનું માનવું છે કે આરોપી હજી પણ શહેર છોડીને ગયો હોય તેવી સંભાવના ઘણી ઓછી છે. પોલીસે મૃતકનો મોબાઈલ ફોન પણ કબ્જે કર્યો છે અને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યો છે.













